**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# ✡ અનુક્રમણિકા ✡


| | | |
|---|---|---|
| અભિનંદનનીય સહાય | તંત્રી | ૩ |
| બ્રાહ્મમુહૂર્ત | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૧૧ |
| સાધનાદિનના નિયમો—(૨) | — | ૨૩ |
| યજ્ઞોપવીત સંસ્કાર પર્વ | નિશા પંડ્યા, યોગેશ પંડ્યા | ૩૦ |
| સંવેદનાની સરવાણી | શ્રી કલ્યાણ | ૪૨ |
| વાચાલમ્ મૂકમ્ કરોતિ | ડો. હિમાંશુ પાઠક | ૪૫ |
| પૂ. પાદ શ્રી યોગેશ્વરજી | પ્રા. ડો. જયન્તીલાલ કે. ભટ્ટ | ૫૦ |
| સ્વર્ગારોહણને આંગણે સમૂહ યજ્ઞોપવીત યજ્ઞનો પ્રતિભાવ | અશ્વિન કાકા, યતીન કાકા, ધર્મિષ્ઠા ઠાકર | ૫૪ |
| બટુક આદિત્યનો પ્રતિભાવ | આદિત્ય | ૫૫ |


○

## ❋ અભિનંદનીય સહાય ❋

વિદેશની ધરતી ઉપર યુવાનીમાં ભગતરામ જેવું નિજાનંદે મસ્ત જીવન જીવનારને, આજ્ઞાંકિત, સમજુ, મીત-ભાષી, શ્રદ્ધાળુ ગૃહદેવી મળ્યાં છે.

એ દંપતી શ્રી BHRના ગૃહસ્થા-શ્રમમાં દાનની ગુપ્તગંગા પણ સતત વહેતી રહી છે.

અધ્યાત્મનો આ અંક એ એમની ગુપ્તગંગાની જ એક ધારા છે. એ દંપતીનું પરમ મંગલ હો, ભજનથી ભવપાર હજો, એ પ્રાર્થના છે. આભાર.

—મા.



# બ્રાહ્મમુહૂર્ત

**શ્રી યોગેશ્વરજી**

બ્રાહ્મમુહૂર્તનો સમય કેટલો બધો શાંત, સુંદર, સુખમય હોય છે. પૂર્વાકાશમાં ઉષઃકાળના રંગો પ્રસર્યા હોય છે; પવનની તાજી લલિત લહરી પવનની પીઠ પર સવાર થઈને આજુબાજુ બધે વહેતી હોય છે; પંખીઓ પોતાના પુણ્યપ્રવાસને પ્રારંભતી વખતે શાંત સુમધુર સુસંવાદી કૂજન કરીને વાયુમંડળને રસમય કરી દે છે. બ્રાહ્મમુહૂર્ત તો એનાથી પણ વહેલું આરંભાય છે. સૂર્યોદયના ત્રણ કલાક પહેલાંના સ્વર્ણસમયથી એની અવર્ણનીય અમૃતમય અસર શરૂ થાય છે. સમસ્ત પ્રકૃતિ એ વખતે શાંત, કોલાહલ રહિત, પ્રસન્ન તથા પુલકિત હોય છે. એ અભિનવ પ્રેરણા પ્રદાન કરે છે. ભક્ત કવિ નરસિંહ મહેતાએ એ સરસ શાંત સમય વિશે ગાયું છે—

રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી સાધુપુરુષને સૂઈ ન રહેવું,
નિદ્રાને પરહરી, સમરવા શ્રી હરિ, એક તું એક તું એમ કહેવું.

છ ઘડી રાત બાકી રહે ત્યારે અથવા બ્રાહ્મમુહૂર્તમાં જીવનનો સમુચિત વિકાસ કરવા માગનાર સત્પુરુષે કે સજ્જને સૂઈ ના રહેવું. એણે પ્રમાદને પરિત્યાગીને નિદ્રાને છોડી દેવી. ઈશ્વરનું સ્મરણ કરવું અને ઈશ્વર સિવાય કશું જ સનાતન નથી, સંપૂર્ણ સુખ શાંતિ આપી શકે એમ નથી, એવું વિચારવું.

બરાબર છે, જીવનવિકાસના સાધકે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જવાની ટેવ પાડવી જોઈએ. વહેલી સવારે ઊઠીને આવશ્યક શરીરશુદ્ધિથી નિવૃત્ત થઈને જપ, ધ્યાન, પ્રાર્થના, શાસ્ત્રાધ્યયન.

આત્મચિંતનાદિનો આધાર લેવાથી મન સહેલાઈથી સ્થિર, એકાગ્ર અને શાંત થાય છે, એ વખતે વ્યાયામાદિનો આશ્રય લેવાથી આરોગ્યની દૃષ્ટિએ ઉપયોગી લાભ થઈ રહે છે. વહેલી સવારના શાંત સમયને એવી રીતે સાચવી લે છે, તે સમસ્ત દિવસને સાચવી કે સુધારી શકે છે, તેને નવી શક્તિ પ્રેરણા, સ્ફૂર્તિ તથા તાજગીની પ્રાપ્તિ થાય છે. વહેલી સવારે ઊઠીને સમસ્ત દિવસનો કાર્યક્રમ પણ ઘડી શકાય છે.

બ્રાહ્મમુહૂર્તમાં વહેલી સવારે ઊઠીને આપણને ઊઠવાની શક્તિ આપનારા પરમાત્માની સ્મૃતિ તથા પ્રાર્થના કરવી જોઈએ. આપણે તો અચેત હતા. એ શક્તિએ જ આપણને ઊઠાડ્યા એનો આભાર માનીએ. આપણા ફાળે આવેલા સમય અને આપણને સાંપડેલી શક્તિઓનો સદ્દુપયોગ કરવાનો અને કોઈ કારણે દુરૂપયોગ ના કરવાનો સંકલ્પ કરીએ. પછી તો મનની અવસ્થા જ એવી થશે કે દિવસનો સઘળો સમય બ્રાહ્મમુહૂર્તના સમય જેવો જ શાંત, સરસ, પ્રેરક, મંગલ લાગશે, ગમે ત્યારે પણ જાગ્રત રહી શકાશે, તોપણ બ્રાહ્મમુહૂર્તોનો લાભ તો લેવાશે જ. એ લાભ અતિશય આનંદદાયક, અમોઘ, આશીર્વાદરૂપ થઈ પડશે.

જીવનનું પણ બ્રાહ્મમુહૂર્ત છે,—શૈશવ, કૌમાર્ય કે યૌવન, એ સમય દરમિયાન જે જડતામાંથી, અવિદ્યાની નિદ્રામાંથી, જાગી જાય છે ને જીવનના આધ્યાત્મિક અભ્યુત્થાનનો આરંભ કરી દે છે, તે ઘણું ઘણું મહત્ત્વનું મેળવી શકે છે. તેના જીવનનો પુણ્યપ્રવાસ સફળ, સુખકારક, સમૃદ્ધ, સાર્થક અને પોતાને અને અન્ય અનેકને માટે આશીર્વાદરૂપ કરે છે. જે જેટલો વહેલો જાગે છે તેને તેટલો જ વિશેષ લાભ મળે છે. જેનું શૈશવ, કૌમાર્ય, યૌવન વીતી ગયું છે તે પણ જ્યારે પણ જાગ્રત થઈ શકાય ત્યારે



જાગ્રત થઈ શકે, તો તેથી લાભ જ છે. સાધનાત્મક સત્કર્મની, સંસ્કારોના સીંચનની શરૂઆત જ્યારે પણ કરી શકાય ત્યારે કરવામાં આવે તો તે શ્રેયસ્કર તથા શાંતિ પ્રદાયક જ થઈ રહે છે. શરીર વૃદ્ધ થાય તો પણ શરીરધારી શિશુ, કિશોર, યુવા રહી શકે છે. જીવનનો આધ્યાત્મિક વિકાસ દેશકાલાબાધિત અને અવ્ય-વસ્થાતીત હોવાથી એનો આરંભ, ગમે ત્યારે કરી શકાય છે, એટલે જેમનાં સ્થૂળ બ્રાહ્મમુહૂર્તો છૂટી ગયાં હોય, તેમણે સૂક્ષ્મ, માનસિક અથવા આંતરિક બ્રાહ્મમુહૂર્તોને સાચવી લેતાં અને એમનો બને તેટલો વધારે ને વધારે લાભ લેતાં શીખવું જોઈએ.

○

એ માણસ સૌથી શ્રીમંત છે, જેના સુખો સૌથી સસ્તાં છે જેની જરૂરિયાતો સૌથી ઓછી છે.

આત્માની જરૂરિયાતો ખરીદવા માટે પૈસાની જરૂર પડતી નથી.

—**મહાત્મા થોરો**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઈલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૭ મે—૨૦૦૬ અંક ૮

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૭—૧૧—૮૧ શુક્રવાર, માગસર સુદ એકમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન એન્ટોનીયો, ટેક્ષાસ રાજ્ય, અમેરિકા.**

સવારે પૂ. શ્રી સમયસર સ્નાન કરી લે છે. મંત્રજપ કરી વ્યાયામ કરી લેખનકાર્ય કરી લે છે. સર્વેશ્વરી પણ સ્નાન વ્યાયામ પૂર્ણ કરી ડાયરી લેખન કરે છે. સાડા અગિયાર વાગ્યે લેખન પૂરું થયું. આજે મુલાકાતમાં કોઇ આવ્યા ન હતા જેથી દાળઢોકળીનું ભોજન લઇ લેવામાં આવે છે.

ભોજન બાદ મુલાકાત શરૂ થાય છે. જેમાં નવ ભાઇબેનો આવ્યાં છે. સર્વેશ્વરીની જ વાતો થાય છે. એમાં વડોદરાના શ્રી જીતુભાઇની વાતો શરૂ થઇ. વળી ઝાંબીયાની, ઇંગ્લેન્ડ, લેસ્ટર, પ્રેસ્ટનની વાતો થઇ. એ વાતો સાંભળી શ્રી ઈશ્વરભાઇએ પ્રશ્ન પૂછ્યો :



પ્રશ્ન : આપણે પ્રાર્થના કરતા હોઇએ કે ધ્યાનમાં બેઠા હોઇએ ત્યારે જે દશ્યો દેખાય ને શબ્દો સંભળાય તે સાચા માનવા?

પૂ. શ્રી : હમણાં તમે હું બોલું છું તે શબ્દો સાંભળો છો ને? સાચા માનો છો ને? એ રીતે એ પણ સાચા છે. અવકાશમાંથી આવનારી વાણી સાંભળીએ પણ તેના બોલનાર કોણ છે તેને ન પણ જોઇ શકીએ.

પ્રશ્ન : ધ્યાનાવસ્થાનાં દશ્યો પણ સાચાં?

પૂ. શ્રી : એ પણ સાચાં ને સારાં ગણાય. એ દર્શન માટે પણ તપ ને પવિત્ર જીવન જોઇએ.

પ્રશ્ન : જે સંતોને ન જાણતા હોઇએ તેવા સંતો પણ આપણી પાસે આવે ખરા?

પૂ. શ્રી : તમે તેને નથી ઓળખતા, તે તો તમને જાણે છે. તમે કેવું જીવન જીવો છો તે અને એ જીવનમાં માર્ગદર્શન આપવું જરૂરી લાગે તો તે સંતો તમારી પાસે જાગૃતિ ને ધ્યાનાવસ્થામાં આવે છે.

પ્રશ્ન : સંતો કઇ ભાષામાં વાતો કરે?

પૂ. શ્રી : મોટે ભાગે આપણી જે દૂધભાષા હોય તેમાં જ—ગુજરાતીમાં વાત કરે. ફક્ત એક જ વાર સાંઇબાબાએ અંગ્રેજીમાં વાતો કરેલી. ઘણા સંતો સંસ્કૃતમાં પણ વાતો કરે. સંતોની ભાષાને સ્થળ, કાળ, સમયનાં બંધન નડતાં નથી.

ત્યાર પછી પૂ. શ્રીએ રામાયણનો શબરીનો પ્રસંગ સંભળાવ્યો. જેમાં સર્વેશ્વરીને ચોપાઇ ગાવાની કહી. ત્યાર બાદ પૂ. શ્રીએ શબરીનો પ્રસંગ પોતાની આગવી કવિતામાં ગાઇ બતાવ્યો અને નીચે મુજબ સમજૂતિ પણ આપી.

પ્રથમ ભક્તિ સંતનો સંગ. બીજી ભક્તિ પ્રભુની કથામાં

રસ—પ્રીતિ થવી. ત્રીજી ભક્તિ અભિમાન છોડીને ગુરુની સેવા કરવી. ચોથી ભક્તિ કપટ છોડીને પ્રભુના ગુણગાન ગાવા. પાંચમી ભક્તિ મંત્રજપમાં શ્રદ્ધા. છઠ્ઠી સદ્ગુણો, વૈરાગ્ય, મનનો સંયમથી થયેલાં સત્કર્મો. સાતમી મારાથી પણ અધિક સંતોને માને. આઠમી પ્રાપ્તાવસ્થામાં સંતોષ, પરદોષ ન જુએ. નવમી ભક્તિ છળકપટ છોડી સરળ બનવું. નવમાંથી એક ભક્તિ હોય તો પણ તે મને ખૂબ પ્રિય છે.

રામાયણના ગાન પછી મુલાકાત પૂરી થઇ. પૂ. શ્રી ત્રણ વર્ષ ઉપર જ્યારે આવ્યા ત્યારે જેમને ત્યાં થોડા કલાક માટે ઉતારો કર્યો હતો તે ભાઇને ત્યાં જવાનું બને છે. પોતાને ત્યાં લઇ જનાર ભાઇમાં હાથ જોડવાનો સામાન્ય વિવેક પણ ન હતો. તો ઘરનાં બાળકો પણ ખુરશી પર બેસી જ રહ્યાં. એ ભાઇનાં પત્ની પણ કોઇ ધંધાદારી મળવા આવ્યા હોય એમ જાણે મુખ ઉપર પણ આનંદ, પ્રસન્નતા કે બે શબ્દો કહેવાની તૈયારી ન હતી.

થોડી વાર ત્યાં બેઠા પણ ખાસ કંઇ વાતો એ સૌએ ન પૂછી. પૂ. શ્રીએ વિશ્વવંદ્યની વાતો કરી. વિદાય થવાનું બન્યું ત્યારે પૂ. શ્રીની પાસે કેળા, સાકર, બદામ મૂકવામાં આવી. તેમાં પણ બધી કૃત્રિમતા જણાતી હતી. સામાન્ય શિષ્ટાચાર ભર્યો વ્યવહાર પણ જોવા ન મળ્યો. પૂ. શ્રીએ એમાંથી બદામ વગેરે લીધું.

પ્રભુ એવા સ્થાનોમાં શું એવું શીખવવા લઇ જાય છે કે અહીં આવવા જેવું નથી. જ્યાં કોઇને જ રસ ન હોય ત્યાં લઇ જવા પાછળ એવું તે શું કારણ હશે તે તો ઈશ્વર જાણે. વળી ત્યાંથી નીકળ્યા પછી એક બીજાં બેનની મોટલ પાસે ગાડી ઊભી રાખી. પૂ. શ્રીએ કહ્યું, 'મેં એ બેનને આવવા કહ્યું જ



નથી. મારે નથી આવવું. ચાલો, હવે તો આરામ જ કરવો છે. તે બેને આજે વાતો કરી ત્યારે મેં હા પાડી નથી.' એટલે પૂ. શ્રી ગાડીમાંથી ઉતર્યા જ નહીં જેથી ગાડી ઉતારા પર લઇ આવ્યા.

પૂ. શ્રી પછી સર્વેશ્વરીને કહેવા લાગ્યા કે, 'આપણા જીવન-ના બહુમૂલ્ય બે કલાક આજે જવા પાછળ બગાડ્યા. એ જવા પાછળ કોઇ હેતુ ન હતો. કોઇને રસ ન હતો. અરે! આ સાન એન્ટોનીયો જ આવવાની જરૂર ન હતી. સત્સંગમાં જે બધા આવે છે તે બધામાં એક વૃદ્ધ પુરુષ ને આ ઘરના યજમાન બેન બે જ કંઇક સંસ્કારી જેવા લાગે છે. પ્રભુ કદાચ હવે અહીં ફરી આવવા જેવું નથી એવું અનુભવવા માટે પણ અહીં લાવ્યા હોય.'

૧:૪૫ થી ૩:૪૫ બે કલાક સાચે જ આજે નકામા ગયા. જે જેટલી ભૂમિકા પર હોય ત્યાંથી જ તે તેટલું જ જોઇ શકે. કોઇ આરતી કરે તો કોઇ આરતી ઝૂંટવી લે. તો કોઇ પગે લાગે તો કોઇ ના લાગે. રોજ રોજ મિષ્ટાન્ન સારાં ન લાગે. એક દિન તો બાજરીની રોટી પણ જોઇએ! 'તુલસી ઈસ સંસારમેં ભાત ભાત કે લોગ, સુખ—દુઃખ દોનો સમ કરી જાનો.' ઉપરના શબ્દોને પૂ. શ્રીએ સંગીતમય રીતે વ્યક્ત કર્યા.

સાંજે પૂ. શ્રી એક કલાક લેખન કરે છે. આજે પ્રવચનમાં ધર્મની શિસ્ત, શિષ્ટાચાર ઉપર પૂ. શ્રીએ પ્રવચન આપ્યું. પ્રવચન બાદ પૂ. શ્રીએ ભજન ગાવાની સૂચના કરી. જેથી 'ઝૂકાવ્યું જીવન મારું રે...' ભજન સર્વેશ્વરીએ ગાયું. જેથી પૂ. શ્રીએ પ્રશ્ન પૂછ્યો કે, 'એ ભજન ક્યારે લખ્યું?' વળી બીજા પણ ત્રણ પ્રશ્નો પૂછ્યા. જેના જવાબમાં સર્વેશ્વરીએ ટૂંકમાં પોતાના જીવનનું સાધનાત્મક પાસું વર્ણવી બતાવ્યું. ત્યાર બાદ પૂર્ણાહુતિ થઇ. આરામ. હરિઃ ૐ (ક્રમશઃ)

# સમંદરને પેલે પાર

મા સર્વેશ્વરી

## પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા– ઋણમુક્તિનું પર્વ દિવસ–૧, તા. ૭–૫–૦૫

ભારતથી વિદેશયાત્રા તા. ૧૭ મી એપ્રિલે પ્રારંભ પામી. જન્મભૂમિને વંદન કરી નવી ધરતી ઉપર શ્રીહરિ પધારે છે. સાથે **મા**ને પણ લાવે છે. **મા** જાણે શ્રીહરિનું અવિભાજ્ય અંગ છે. જ્યાં શ્રીહરિ ત્યાં શ્રી **શ્રીમા.** કેવી કૃપા છે! અખંડ સ્નેહની જાણે એ દર્શનયાત્રા છે. જ્યાં સર્વત્ર સર્વ સ્થળે, સર્વકાળે માત્ર સ્નેહનું જ સામ્રાજ્ય. પોતાના પ્રિય પાત્રને સતત સાથે સુરક્ષિત, ફૂલોની સેજ ઉપર રમાડતા રમાડતા આ વિશ્વના વિધવિધ સ્થળોના દર્શન કરાવે છે. જાણે કહે છે, 'જોઇ લો, હે મા, આ અમારું અલૌકિક સર્જન.'

એ સર્જનને અમેરિકા નામની ધરતી ઉપર માણ્યું માત્ર ૨૧ દિવસ ને પાછા શ્રીહરિનું વિચરણ પ્રારંભ પામે છે. નવી ધરતી, નવું વાતાવરણ, નવા વેશ ને નવા નિયમો.

હે હરિ, જ્યાં જ્યાં મંગલ છે ત્યાં ત્યાં પગલાં પાડો છો, પડાવો છો.

આજથી પ્રારંભ પામતી યાત્રા ઋણમુક્તિના પર્વ જેવી છે. સ્વજનવંદનયાત્રા છે. કર્પૂરવનના જે પરિવારમાં **મા** પ્રગટ થયાં તે પરિવારના મોટાભાઇ શ્રી વિઠ્ઠલભાઇ, શ્રી લક્ષ્મીબહેન ઓસ્ટ્રેલિયા વસે છે. ૧૯૪૭ થી તેઓ વિદેશ ઝામ્બિયા વસતાં હતાં. છેલ્લા ૧૫ વરસથી તેઓ ઓસ્ટ્રેલિયાના સીડનીમાં વસે છે.



**મા**ને ઘણા વરસથી એ પરિવારને મળવાની ઇચ્છા હતી. શ્રી વિઠ્ઠલભાઇ તો શ્રી લક્ષ્મીબેન જેવી સ્નેહમૂર્તિને અમારી વચ્ચે આગવી સંપત તરીકે મૂકી ગયા છે.

કર્પૂરવનની એ સંસ્કારી ગૃહલક્ષ્મી શ્રી લક્ષ્મીબેન સાચાં ધર્મપત્ની, ધર્મસખી બનીને કર્પૂરવનના એ મંદિરમાં ૧૯૪૫ થી પ્રતિષ્ઠિત થયાં છે. સંપ ને શાંતિ, સુખ ને સંસ્કારની સુવાસની આભાનું સંવર્ધન એમના હાથે પણ થયું.

૧૯૭૯ માં **મા**ના જીવનમાં પ્રથમ વિદેશયાત્રાના શ્રીગણેશ શ્રી વિઠ્ઠલભાઇ–શ્રી લક્ષ્મીબેને માંડ્યા. કર્પૂરવનના માતાપિતા, ભાઇ શ્રી વામનભાઇ ને તેમનાં ધર્મપત્ની શ્રી ગંગાબેન તથા શ્રી શારદાબેન, શ્રી રમેશચંદ્ર તથા તેમની અમેરિકા વસતી દીકરી ભારતી અને શ્રી સુશીલાબેન અને એ પરિવારની પેલી નાનકડી બેન સરોજ (જેને સૌ આજે તો **મા સર્વેશ્વરી**ને નામે જાણે છે) ને પ્રથમ વિદેશયાત્રા કરાવી તે એક ઐતિહાસિક ઘટના ગણાય.

પરિવારના મોટા પુત્ર શ્રી વિઠ્ઠલભાઇ વિદેશ વસે ને તે પોતે જ બધો જ આર્થિક ભાર ઉપાડી સૌને વિદેશયાત્રાનું સદ્ભાગ્ય ધરે એને સ્નેહયજ્ઞનું જ નામ શોભે.

સંનિધિપર્વનો સ્નેહયજ્ઞ તો ૧૯૬૫ માં **મા**ના માતાપિતાએ વિદેશયાત્રા કરી ત્યારથી જ પ્રારંભ પામ્યો ગણાય. પ્રારંભ જેમના હાથે થયો તે શ્રી વિઠ્ઠલભાઇ અને શ્રી લક્ષ્મીબેનનો દર્શન–વંદનનો આ એક માત્ર હેતુ છે. એથી જ આ યાત્રાનું આયોજન થયું છે.

જે દંપતીએ પરિવાર માટે ઘસાઇને ઉજળા થવાનું યજ્ઞકાર્ય જીવનભર કર્યું, શુભ સંસ્કારની સરિતા જેમણે સતત વહેવડાવી તેવાં શ્રી લક્ષ્મીબેનને ઋણમુક્તિના પર્વે પ્રણામ કરવાની ઇચ્છા

**મા**ના મનઅંતરમાં વરસોથી રમતી હતી.

હે પ્રભુ, આપે આ વરસે એ શુભસંકલ્પ સફળ કરવાના સર્વ દિશાએથી પ્રયત્નો કર્યાં.

એથી આ યાત્રાને પ્રણામયાત્રા કે ઋણમુક્તિના પર્વની ઉપમા આપી શકાય.

યાત્રા તો **મા**ને કરવાની હતી. પણ સાથે અનેકવિધ વિશેષતાને લીધે બીજા પ્રેમી સ્વજનો પણ જોડાયા છે.

કર્પૂરવનના શ્રી કાલીમંદિરના જ સ્વજનો **મા**ના મોટાંબેન **સુશીલાબેન** તથા **મા**ના મોટાંબેન શારદાબેનની દીકરી **ભારતી-બેન** પણ આ પ્રણામયાત્રામાં કાલીમંદિરના સભ્ય તરીકે જોડાયાં છે. એ પરિવારના પરમાર્થીના પુત્ર **પંકજભાઇ** ને **દીનાબેન** પણ પરિવારના સભ્ય તરીકે જોડાયાં છે. વિદેશના ત્રણ યજ-માનો શ્રી **વિનોદભાઇ—સરોજબેન, શ્રી ભગવાનજી—કંચનબેન** તથા **વિમળાબેન** પણ સાથે છે.

વળી એક શ્રદ્ધાળુ સત્સંગમંડળી પણ સાથે છે. કેનેડાના **શ્રી સુરેશભાઇ પરીખ, શ્રી જગજીવન** તથા **નીરૂબેન** તથા **શ્રી ધીરુભાઇ, સરસ્વતીબેન** તથા સાન્ટાફેના **શારદાબેન** તથા **શ્રી ભાનુબેન** ન્યુજરસીનાં છે.

આમ ૧૬ ભાઇબહેનો **મા** સાથે છે, ને **મા**ને વળી પ્રભુ લાવ્યા છે. એટલે **મા** તો પ્રભુ સાથે છે. એટલે કે ૧૬+૧+૧= ૧૮ યાત્રીઓ વિદેશયાત્રામાં છે.

સર્વશક્તિમાન પરબ્રહ્મ પરમાત્મા શ્રી યોગેશ્વર નામરૂપ-ધારી સર્વેશ્વરી અર્થે જ આ પૃથ્વી ઉપર પ્રગટ થયા છે. તો યાત્રા એમની છે. એટલે એઓશ્રીની છત્રછાયામાં સૌ બેઠાં છે.



તા. ૭ મીએ બપોરે ૧ વાગે યાત્રાની સમૂહ પ્રાર્થના, યાત્રાના આરંભની પ્રાર્થના ને **૧૧** પ્રણામ **મા** સાથે સૌ કરે છે. યાત્રામાં ૧ નાનો નિયમ સૌ લે અને પાળે એવી સૂચના પણ મા આપે છે.

સાંજે ૬:૪૦ કલાકે સૌ એરપોર્ટ ઉપર આવી ગયા છે. સૌ **મા**ની સાથે નિત્યવસતા પ્રભુને વંદે છે.

કાઉન્ટર ઉપર દરેકે પોતાની બેગ આપવાની, બેગ ચેક કરાવવાની, સીટ નંબર લેવાની વિધિ કરવાની હોય છે.

એરપોર્ટ જાણે એક નાનકડું શહેર જેવું છે. પ્રવેશતાં જ પ્રવાસીઓની લગભગ ૧૦૦ જેટલી સામસામી હરોળ થઇ શકે તેટલી જગ્યા છે.

**મા** પણ સૌ સાથે ઊભાં છે. યાત્રામાં જે ભાઇઓ છે તે બધું કાર્ય કરી રહ્યાં છે. અહીં વિદાય આપનાર વર્ગ પણ છે. જેમાં સુરેશભાઇ, ભાવનાબેન, અરવિંદભાઇ, કિશોરભાઇ, કૃપેશ, પૂનિતા, ચંદુભાઇ, હસુબેન, બિંદિયા જેવાં અનેક છે. **મા** ચંદુભાઇ જોડે પ્રભુના નામનો કેવો પ્રભાવ તેની વાતો લખીને કરે છે.

ચંદુભાઇના નામની સહીવાળી ચિઠ્ઠી પણ ઘણું કામ કરે. તમે લખી દો કે આવનાર વ્યક્તિને ૫,૦૦૦ ડોલર આપજો. લિ. દંદુભાઇ. તો ચિઠ્ઠી વાંચીને જ પૈસા આપી દે. કારણ એમાં ચંદુભાઇની સહી છે. ચંદુભાઇનું નામ છે. તો એક સામાન્ય નામમાં કેવી શક્તિ છે!

તો ત્રિરાશિ માંડો કે પ્રભુના નામમાં કેવી શક્તિ હશે! તો હરિનામ લેતા રહો.

જ્યાં જે પાત્રો મળે તેને આવું શ્રીહરિ લખાવતા રહે છે. જગાડતા રહે છે.

**મા** તો ઊભાં છે. સૌ ઊભા છે. ત્યાં આખાયે વિભાગમાં પ્રવાસીઓને બેસવાની કોઈ સુવિધા નથી. સૌ ઊભા છે. તો **મા** પણ ઊભાં છે.

પણ ભાવનાબેન એક કામદારબેન પાસેથી ખુરશી લઈ આવે છે.

તે બેનને વિનંતી કરે છે, 'મારાં હૉલી મધર માટે તમારી આ ખુરશી આપશો?'

કામદારબેન કહે, 'અહીંથી ખુરશી ના લઈ જવાય. અહીં જ બેસવું હોય તો બેસ.'

પણ, ભાવનાબેન કહે, 'મારી જવાબદારી. હું તમને પાછી ખુરશી અહીં પહોંચાડીશ.'

'ભલે.' કહીને તે અમેરિકન કામદારબેને ખુરશી આપી છે.

**મા** ખુરશી પર બેઠાં. ને ભાવનાને **મા** લખે છે.

પેલા પદમાં ૧ લીટી છે.

''જે કોઈ સંતને આસન આપે રે,
તેને વ્હાલો પોતાનો કરીને સ્થાપે છે.''

ભાવનાબેનનું આ સત્કર્મ હતું. શું **મા** ઊભાં હતાં? ના, ના. પ્રભુ ઊભા હતા માટે જ પ્રભુએ ભાવનાબેનને પ્રેરણા કરી ખુરશી લાવવાની.

૧૫ મિનિટ માટે ખુરશી પર બેસવાનું બને છે. **મા** ઊભાં થતાં પહેલાં સૌને કાજુનો પ્રસાદ આપે છે. જેમણે ખુરશી આપી તેને માટે પણ **મા** કાજુ મોકલે છે અને આભાર માનવાની સૂચના પણ આપે છે.



સૌ જરૂરી કાર્યવાહી પૂર્ણ કરે છે. સમૂહમાં ૧ તસ્વીર લેવાય છે. એજન્ટ શ્રી ભરતભાઈ ભક્ત **મા**ને પ્રણામ કરી બે ફૂલ આપે છે. બધા જ યાત્રીઓને પણ ફૂલ અપાય છે.

ભરતભાઈનો આભાર માન્યો તો તેઓ કહે, ''ખૂબ ઓછા દિવસોમાં ખૂબ કામ રહ્યું. બૂકિંગ માટે બે વાર તો પ્રાર્થના કરી ને **મા**ની કૃપાથી મળી ગયું અને હવાઈનું તો ગઈકાલ સુધી મળ્યું ન હતું. શ્રદ્ધા હતી કે માનું કામ છે તો પૂર્ણ થશે જ. કાલે તો મળસ્કે ૪ વાગે ફરી કોમ્પ્યૂટર ઉપર બેઠો ને **મા**ની યાત્રા હતી માટે થઈ ગયું. અનુભવ થઈ ગયો. હવે તો **મા** સાથે બીજી યાત્રામાં અમે પણ જોડાઈશું. યાત્રા તમારી સૌની સફળ થાવ તેવી શુભેચ્છા.''

અને વિદાય આપનારને હાથ જોડી સૌ છૂટા પડે છે.

સંરક્ષણ વિભાગમાં જેમ **મા** મશીનના દ્વારમાંથી પસાર થાય એ રીતે પ્રભુનું સ્વરૂપ પણ પસાર થાય છે.

કોમ્પ્યુટરમાં અધિકારીને કંઈક નવું લાગે છે. ખોલે છે. ભારતી કહે છે કે મારા પ્રભુની મૂર્તિ છે. સંતની પણ મૂર્તિ છે.

ખોલીને જોઈ લે છે. પાછું સરસ રીતે બંધ કરી આપે છે.

સૌ એ રીતે પસાર થાય છે. ને ૧૨૧ નંબરના દરવાજા પાસે કોન્ટાસ એરલાઈન જે ઓસ્ટ્રેલિયાની જ છે ત્યાં સૌ આવી ગયા. ખુરશીઓ હતી જ. માટે સૌ બેઠા છે. **મા** પણ બેઠાં છે. ત્યાં **મા** સૂચના આપે છે. જાવ નીરૂબેન 'રક્ષમામ્'નો નવો રાગ સૌને શીખવો.

એટલે નીરૂબેન ગાય છે. એ સાંભળતાં સાંભળતાં **મા**ની કલમ ચાલવા માંડી છે.

અને નીચે મુજબની પંક્તિઓ જાણે કોઈ લખાવતું હોય એ રીતે સહજ લખાઈ ગઈ!

સૌ એ લેખનનું દૃશ્ય માણતા જ રહ્યા. આ રહી તે પ્રસાદીની પંક્તિઓઃ—

(પ્રભાતનો રાગ) (રક્ષમામ્‌નો રાગ)

તારા દ્વારે આવ્યા હરિ, અમી દૃષ્ટિ તું કરજે જરી.
છત્રછાયા ધરજે અહીં, શરણે સૌને લેજે જરી.
શ્રદ્ધાભક્તિ ભરજે વળી, સૌને ક્ષમા કરજે જરી.
સુખ ને શાંતિ ધરજે વળી, વંદુ તુજને ચરણે નમી.
આવી મુજને મળજે જરી, સૂના જીવનને સજાવ જરી.
અનંત છે ઉપકાર વળી, કૃપા કરી દે ભૂલીએ નહીં.
કામ અમારાં કરે હરિ, સખી બનીને ફરે મહી.
અળગો ના કદી થાય હરિ, માનવું હોય તો માન જરી.
આઠે પ્રહર આનંદે મઢી, સર્વેશ્વરીએ હર્યા હરિ.

અને પછી તો એ પંક્તિઓ નીરૂબેન સૌને સંભળાવે છે.

એક કલાક ત્યાં વિશ્રામ થયો. પછી પ્લેનમાં બેઠાં.

લોસ એંજલસ (યુ.એસ.એ.)થી ઑકલેન્ડ (ન્યુઝીલેન્ડ) **૬૫૦૭** માઇલ દૂર છે. અવકાશમાં ૧૧ કલાક ને ૫૩ સેકન્ડ એટલે કે **૧૨** કલાક ઉપર જ ઊડવાનું છે.

હે પ્રભુ, આ યાત્રા આપની છે. તેની એક વધુ પ્રતીતિ થઇ. **મા**ને તો ત્રણ સીટ મળી ગઇ છે. પણ સૌને પણ બે બે સીટ મળી ગઇ છે.

એટલે સરસ રીતે સૌ ગોઠવાઇ ગયાં છે. ને પાછી માની કલમ દોડવા માંડી.

કલમે શ્રી હરિ બિરાજીને જાણે લખવા માંડે છે.



સર્વેશ્વરીની ફરતે હરિ, હરિની ફરતે સર્વેશ્વરી.
સર્વેશ્વરીને કોઇ સુણજો જરી, કાયા જેણે હરિને ધરી.
આંખ ઉઘાડી જુઓ જરી, સર્વેશ્વરી આનંદે મઢી.
વસજો હૈયે બની વ્રતી, કહ્યું માનશે એ જેમ સતી.

★ ★ ★

આ પંક્તિ લખાતી ગઇ. સૌ પ્લેનમાં ગાતા ગયા. જાણે આ ભક્તમંડળી પણ આનંદે ઉભરાઇ ગઇ.

એકાદ કલાક પછી ફરી કલમ ચાલી.

અમે પ્રવાસી પુરણ બ્રહ્મ તણા,
રડતા, પડતા, અથડાતા અમે,
રટીએ રાધેશ્યામ હવે. અમે૦
સર્વ વળગણ વ્હાલા અમને,
મમતા જાળમાં રમતા અમે. અમે૦
રીઝવતા અમે નિત્ય સ્વજનને,
પ્રહાર પ્રસાદ પામી અમે. અમે૦
થાપડ મારી જગાડતાં તમે,
આંખ મીચૌલી કરતા અમે. અમે૦
અનંત જન્મો છોને વીતે,
પ્રવાસ પૂર્ણ કરાવો હવે. અમે૦
શૂરવીરતા સંસાર તણી એ,
વાળજો હે હરિ ચરણે તમે. અમે૦
સર્વેશ્વરી કર જોડી પ્રાર્થે,
યાત્રી ઠરજો સાચા તમે. અમે૦

★ ★ ★

કલમ શ્રી હરિ ધારે ત્યારે, ધારે ત્યાં ને ધારે તેટલી ચલાવે. એની મોજ નિરાળી છે. અવકાશમાં નાની નાની જ રચનાની પ્રસાદી મળી.

પ્લેનમાં સીટ તો ત્રણ મળી હતી તેથી વિશ્રામ થયો.

વિશ્રામ પછી મંત્રજપ થયા ને પાંચ પૃષ્ઠોની નોંધ થઇ. જેમાં એલ.એ.ના એરપોર્ટ ઉપર આવી ગયા. ત્યાં સુધીનું લખાઇ ગયું છે.

બરાબર **૧૨** કલાક પ્લેન અવકાશમાં દોડતું રહ્યું. માર્ગમાં સતત ડોલતું રહ્યું. ડર લાગે તેવું ડોલતું હતું પણ શ્રીહરિની અમીદૃષ્ટિથી રક્ષાયેલા સૌ વિશ્રામ કરતા નવા દેશની ધરતી ઉપર પગલાં પાડી શક્યા.

ઉતરતાં જ સૌ જાણે તાજગીભર્યા લાગતા હતા, કારણ શ્રી હરિએ સૌને વિશ્રામ ધરી થાક હરી લીધો હતો.

ઇમીગ્રેશનમાં એક પણ પ્રશ્ન **મા**ને ના પૂછ્યો. શ્રી વિનોદ-ભાઇ સાથે હતા. એમને એક જ પ્રશ્ન પૂછ્યો, ‘કેટલું રહેવાના છો?’ ‘છ દિવસ.’ બસ તરત જ પ્રવેશનો સિક્કો લગાડી દીધો.

ત્યાંથી સૌ બેગો જ્યાં આવે ત્યાં પટ્ટા પાસે ઊભા હતા. ન્યુઝીલેન્ડની ધરતી ઉપર અધિકારીવર્ગ ભારે જાગ્રત છે. એક નાનું કૂતરાનું બચ્ચું લઇને એક મહિલા ફરતી હતી. દરેકની બેગને તે સૂંઘે ને કંઇક વાંધાજનક હોય તો કૂતરું ત્યાં જ અટકી જાય છે.

યાત્રીઓમાં શ્રી કંચનબેનની હેન્ડબેગમાં કૂતરાને કંઇક લાગ્યું. ખોલાવી. કશું ન હતું. કદાચ હેન્ડબેગ ઘરે જ્યાં મૂકી હશે ત્યાંની કોઇ ગંધ તેમાં રહી ગઇ હશે!



હવે કસ્ટમમાંથી પસાર થવાનું. પ્રશ્ન પૂછાયો, ‘તમે એવી કોઇ વસ્તુ લાવ્યા છો કે દૂધની બની હોય કે સૂકો મેવો?’

‘હા.’ ‘તો જાવ ત્રણ નંબરના ટેબલ ઉપર.’

પરિણામે ત્યાં ખોલીને શ્રી વિનોદભાઇ દૂધનો પાવડર બતાવે છે. સૂકો મેવો બતાવે છે. કોમ્પ્યુટરમાં દૂધનો પાવડર અમેરિકામાંથી ખરીદેલો તે ચેક કરે છે. ને પછી વિદાય કરે છે. બધી જ વસ્તુઓ પાછી તે પોતે જ બેગમાં મૂકી આપે છે.

જે સાથે વસ્તુઓ હતી તે નોંધાવી દીધી. તો તેમણે ચેક પણ કરી લીધી. ને પછી મશીનમાંથી બધી બેગો અરે! પૂ. શ્રીને પણ પાછા પસાર થવાનું હતું.

બહાર એક ચાઇનીઝબેન ‘વેલકમ મા ગ્રુપ’નું બોર્ડ લઇ ઊભાં જ હતાં. તેમણે સર્વપ્રકારે સહાય કરી.

અહીં ૦ા કલાક વિશ્રામ હતો. અહીંથી પાછી ૧ નાની યાત્રા પ્લેનમાં હતી. ઑકલેન્ડથી ક્રાઇસ્ટચર્ચ.

ઓકલેન્ડ ન્યુઝીલેન્ડનું એરપોર્ટ છે. સાવ નાનકડું છે. જરાક જૂનું પણ લાગે છે. શાંતિ છે. મશીનમાં બેગ ચેક થાય. ત્યાં એક જ કોમ્પ્યુટર ઉપર ચાર ચાર અધિકારીઓ બેઠા હતા. મશીનમાં સામાનનો એક્ષરે તો આવી જ જાય. તે એક્ષરેને જ અધિકારી એટલે કે આઠ આઠ આંખ ચેક કરતી હતી.

કેવી જાગૃતિ છે! પોતાના દેશને સ્વચ્છ ને સુંદર રાખવાની!

જીવ કદાચ આ જ રીતે શ્રી હરિના અનેક પાર્ષદોથી સતત તપાસાતો હશે. જીવ ગમે તે કામ ગમે તે દિશામાં ગમે તે સમયે કરે પણ ચકોર પાર્ષદો એ શોધીને નોંધી લેતા હશે.

**અરે!** આજે પંકજભાઇની હેન્ડબેગમાં પ્લેનમાં ખાવા

આપેલું સફરજન ભૂલમાં રહી ગયું હતું. એક્ષરેમાં તે દેખાયું. કહ્યું કે પ્લેનમાં ખાવા આપેલું તે છે. તો પણ **૨૦૦** ડોલર દંડ ભરાવ્યો.

નિયમો કડક છે. તપાસ પણ કડક છે. ને દંડ પણ કડક છે. એક રીતે પ્રશંસનીય છે.

અરે! ઉપર શ્રી હરિના દ્વારે પણ નિયમો કડક હશે. તપાસ પણ કડક હશે. દંડ પણ કડક હશે. એમ માની દરેક કર્મ કરતાં કરતાં સતત જાગતા રહેવાનો એક સંદેશ આ ન્યુઝીલેન્ડની સરકાર આપણને આપી રહી છે. એ વાતને ગાંઠે બાંધી લઇએ ને નિયમોમાં રહીને હરિને ગમતા થઇએ.

નાનકડું સફરજન પ્લેનમાં જ ખાઇ ગયા હોત તો દંડ ના મળત. પણ પંકજભાઈની લક્ષ્મી ઉપર ન્યુઝીલેન્ડની સરકારનો ભાગ લખાયો હતો એટલે પંકજભાઇને ઠેઠ અમેરિકાથી તે દંડ ભરીને જાણે મુક્ત થયા. પંકજભાઇ જન્મ્યા ભારત. વસ્યા અમેરિકા ને આ નાનકડા સફરજનનો દંડ ભરે ન્યુઝીલેન્ડમાં.

કેવી છે આ બધી વાતો!

ઑકલેન્ડની ઘડિયાળમાં તા. ૯–૫–૦૫ ના સવારે ૬ વાગ્યા હતા. આખું ઑકલેન્ડ સોડ તાણીને સૂતું હતું ત્યારે અમે એ ધરતી ઉપર ઉતર્યાં.

તા. ૮ મી પ્લેનમાં વીતી ગણાય. આજે નવમી તારીખ થઇ ગઇ!

એ રીતે જોતાં આ નોંધ તા. ૭ ને તા. ૮ ની ગણી શકાય.

સમય પાણી વેગે વહી જાય છે. હે હરિ! તારા સ્મરણમાં જે જીવન વીતે તેની જ ગણત્રી કરજે, જેથી માનવ શરીરનું આયુષ્ય વધી શકે.



૧૨ કલાક એકધારા અવકાશમાં રહ્યાં. કોણે રક્ષા કરી? કોની એ યોજના હતી? જ્યાં જઇએ ત્યાં સાનુકૂલમ્ નામનું શ્રી હરિનું રૂપ જાણે **મા**ને સતત વીંટળાયેલું રહે છે.

ના કોઇ પડ્યું, કે ના કોઇ માંદું પડ્યું કે ના કોઇ મૃત્યુને વર્યું! સર્વ રીતે સૌને સુરક્ષિત રાખીને હે હરિ, તારી વ્હાલની રસધાર સતત વરસી રહી છે, તે કૃપા, તે આશીર્વાદ, તે વરદહસ્તનું અમને કદી પણ વિસ્મરણ ના થજો. પ્રણામ. પ્રણામ. પ્રણામ.

સાચે જ **મા** તો ભારત હતાં. પછી અમેરિકા હતાં ને આજે વળી ન્યુઝીલેન્ડ હજી તો જન્મભૂમિની વિદાયને ૧ મહિનો પણ નથી થયો. જાણે સપના જેવું છે.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# સાધનાદિનના નિયમો—(૨)

[પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના તા. ૧૮—૩—૦૬ ના સાધના-દિનની ઉજવણીના ઉપલક્ષ્યમાં ભક્તોએ સાધક બની જે જે નિયમો લીધા ને પૂર્ણ કર્યા તેની યાદીનાં ૧૧૫ નામો એપ્રિલ, ૦૬ ના અંકમાં પ્રસિદ્ધ કરેલ બાકીનાં નામો નીચે મુજબ છે. **—તંત્રી**]

| **ક્રમ** | **નામ** | **નિયમ** |
|---|---|---|
| ૧૧૬ | અશોકભાઇ ત્રિવેદી | ૫૦૦ પ્રણામ, ૫૧ બાવની, ૫૪૦ પ્રદક્ષિણા, ૨૧ માળા. |
| ૧૧૭ | સંદિપભાઇ (રાજકોટ) | ૫૦૦ પ્રણામ, ૧૦૮ પ્રદક્ષિણા, માળા. |
| ૧૧૮ | ગીતા ટેલર | ૫૦૦ માળા. |
| ૧૧૯ | કલાવતી મેરાઇ | ૫૧ પ્રદક્ષિણા, ૧૨૫ પ્રણામ, ૩૦૦ માળા. |
| ૧૨૦ | રવિ ઠક્કર | ૧૦૦ પ્રણામ, ૬૧૦ પ્રદક્ષિણા, નિર્જળા, ૧૧ માળા. |
| ૧૨૧ | હિરેન | ૧૦૦૦ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા. |
| ૧૨૨ | વિનોદભાઇ (સુરત) | ૧૨૧ પ્રદક્ષિણા, ૧૩૫ માળા, ૫૦૧ પ્રણામ. |
| ૧૨૩ | નિર્મળાબેન ભટ્ટ | ૨૫૧ માળા, ૫૧ પ્રદક્ષિણા, ૩૧ બાવની, ૧૧ હનુમાનચાલીસા |
| ૧૨૪ | નેહા (સુરત) | ૧૦૧ પ્રણામ, ૧૧૧ પ્રદક્ષિણા, જપ. |
| ૧૨૫ | પીયૂષભાઇ | ૫૦૦ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા, લીલામૃત, નિર્જળા. |
| ૧૨૬ | મુઉત (સુરત) | ૨૫૦૦ પ્રણામ, ૨૫૦ પ્રદક્ષિણા, ૪૦૦ માળા, મૌન. |



| | | |
|---|---|---|
| ૧૨૭ | મયૂરી | ૧૦૦૦ માળા, મૌન. |
| ૧૨૮ | ચેતના | ૧૫૦૦ પ્રણામ, ૪ કલાક જપ. |
| ૧૨૯ | ગાયત્રીબેન ભક્ત | ૫૫૧ માળા, ૫૦૦ પ્રણામ, મૌન, નિર્જળા. |
| ૧૩૦ | ગાયત્રીબેન જોષી | ૧૦૦૮ પ્રણામ, ૨૫૧ માળા, મૌન |
| ૧૩૧ | ભૂમિકાબેન | ૫૧ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા. |
| ૧૩૨ | ધ્વનિ | ૧૦૦૦ પ્રણામ, ૨૫૧ માળા, ૨૧ પ્રદક્ષિણા. |
| ૧૩૩ | તૃપ્તિબેન | ૧૦૦૦ પ્રણામ, ૫૦૦ માળા, ૨૧ પ્રદક્ષિણા, નિર્જળા. |
| ૧૩૪ | પૂર્ણિમાબેન પટેલ | ૫૦૦ માળા, મૌન, લીલામૃત. |
| ૧૩૫ | ગાયત્રીબેન વ્યાસ | ૨૫૧ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, ૫૦૦ પ્રણામ. |
| ૧૩૬ | બિંદુ જોષી | ગીતાપાઠ, બાવની, ૧।। કલાક ધ્યાન, ૩ કલાક જપ. |
| ૧૩૭ | દીપુ | ૧૦૦૦ પ્રણામ, લીલામૃત, નિર્જળા. |
| ૧૩૮ | જયુબેન | ૧૧ વરદ્ હસ્તની પ્રાર્થનાની માળા એક પગે. |
| ૧૩૯ | મીરા ભરત | ૧૦૦૦ માળા, ૧૧ બાવની, નિર્જળા. |
| ૧૪૦ | અમીબેન | ૫૦૦ માળા, ૧૫૧ પ્રણામ, પ્રદક્ષિણા. |
| ૧૪૧ | પ્રિતીબેન | ૧૦૦૦ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા, ૧૧ બાવની. |
| ૧૪૨ | સ્તુતિ | ૫૦૦ યોગતીર્થની પ્રદક્ષિણા, પ્રાર્થના, નિર્જળા. |
| ૧૪૩ | ક્રિષ્નાબેન શાહ | ૧૦૮ માળા, મૌન. |
| ૧૪૪ | દેવાંગી શાહ | ૨૦૧ પ્રણામ, પ્રદક્ષિણા, મૌન, નિર્જળા, પારાયણ, બાવની. |

| | | |
|---|---|---|
| ૧૪૫ | ભાવીની ભક્ત | ૧૦૦૧ પ્રણામ, ૫ કલાક મૌન, ૧ કલાક પ્રદક્ષિણા. |
| ૧૪૬ | યતીન કાકા | ૧૦૦૧ પ્રણામ, ૧૦૧ પ્રદક્ષિણા, ૨૧ બાવની, માળા. |
| ૧૪૭ | ઇન્દુબેન પટેલ | ૬૦૧ પ્રણામ, ૨૦૧ પ્રદક્ષિણા, ૧૦૮ માળા. |
| ૧૪૮ | જયશ્રીબેન કક્કડ | ૫૧ માળા, પ્રદક્ષિણા, મૌન. |
| ૧૪૯ | સુરેશાબેન સોની | ૨ કલાક મૌન, ૫૧ પ્રણામ, ૨૧ પ્રદક્ષિણા, ૧ કલાક વાંચન. |
| ૧૫૦ | કોકીલાબેન | ૧૦૦૦ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા, ૨૫ બાવની. |
| ૧૫૧ | કૈલાસબેન પટેલ | ૫૦૦ પ્રણામ, ૧૦૧ માળા, ૧૦૧ પ્રદક્ષિણા, મૌન. |
| ૧૫૨ | જ્યોતિબેન ભટ્ટ | ૫૦૦ પ્રણામ, ૧૦૧ માળા, ૧૧૧ પ્રદક્ષિણા, નિર્જળા. |
| ૧૫૩ | જ્યોત્સનાબેન (મુંબઇ) | ૫ લીલામૃત, ૧૦૧ માળા. |
| ૧૫૪ | કાંતાબેન પોપટ | ૧૦૧ માળા, ૫૧ પ્રદક્ષિણા, ૨ શિવમહિમ્ન. |
| ૧૫૫ | ચંપાબેન જોષી | ૫૦૦ પ્રણામ, મૌન, ૨૦૦ માળા, ૧૦૧ પ્રદક્ષિણા. |
| ૧૫૬ | ઇન્દિરાબેન | ૧૦૧ માળા, ૨૧ પ્રદક્ષિણા, વિષ્ણુસહસ્ર. |
| ૧૫૭ | મંજુલાબેન અમીન | ૨૦૧ માળા, ૧ કલાક પ્રદક્ષિણા, મૌન. |
| ૧૫૮ | હસુબેન ગોહિલ | ૨૦૦ માળા, ૧૧૧ પ્રદક્ષિણા, ૧૨૫ પ્રણામ, નિર્જળા, મૌન. |
| ૧૫૯ | ભાનુબેન સુરત | ૧૦૧ માળા, ૨૫ પ્રદક્ષિણા, બાવની. |



| | | |
|---|---|---|
| ૧૬૦ | સરોજબેન કાકા | ૧૦૦૧ પ્રણામ, ૧૦૧ પ્રદક્ષિણા, લીલામૃતનું પારાયણ, મૌન. |
| ૧૬૧ | માયાબેન | ૧૫૧ પ્રદક્ષિણા, ૨૫૧ પ્રણામ. |
| ૧૬૨ | કૈલાસબેન જોષી | ૩૫૧ માળા, ૫૧ બાવની, મૌન. |
| ૧૬૩ | વજીબેન | ૫૧ પ્રદક્ષિણા, ૧૫૧ માળા, વિષ્ણુસહસ્ર. મૌન. |
| ૧૬૪ | વિમળાબેન જાની | ગીતા પાઠ, ૨૧ શિવમહિમ્ન, મૌન, લીલામૃત. |
| ૧૬૫ | શારદાબેન ઠક્કર | ૧૦૦૧ માળા, ૫૧ બાવની, નિર્જળા. |
| ૧૬૬ | તારાબેન પ્રેસવાલા | ગીતાપાઠ. |
| ૧૬૭ | કોકીલાબેન પ્રેસવાલા | ગીતાપાઠ. |
| ૧૬૮ | મધુબેન કાકા | ૭૦૦ માળા, ૧૫૧ પ્રદક્ષિણા, ૨૫૦ પ્રણામ. |
| ૧૬૯ | અંજુબેન જોષી | ૫૦૧ પ્રણામ, ૧૦૧ પ્રદક્ષિણા, ૨૫૧ માળા. |
| ૧૭૦ | શોભનાબેન ભટ્ટ | ૫૦૧ પ્રણામ, ૧૦૮ પ્રદક્ષિણા, ૨૫૧ માળા, મૌન, નિર્જળા. |
| ૧૭૧ | નિર્મળાબેન ટેલર | ૫૦૦ માળા, ૫૧ પ્રદક્ષિણા. |
| ૧૭૨ | નીલાબેન હળવદિયા | ૧૦૦૦ પ્રણામ, ૨૫૧ પ્રદક્ષિણા. |
| ૧૭૩ | પ્રેમીલાબેન હળવદિયા | ૫ કલાક માળા. |
| ૧૭૪ | અનસૂયાબેન ભટ્ટ | ૨ કલાક જપ, લીલામૃત. |
| ૧૭૫ | ભદ્રાબેન ઠાકર | ૫૫૧ પ્રદક્ષિણા, મૌન, ૨૧ માળા, ૧૦૧ પ્રણામ. |
| ૧૭૬ | સુધાબેન | ૫૦૦ પ્રણામ, ૨૧૯ પ્રદક્ષિણા, ૫૧ બાવની, ૧૧ શિવમહિમ્ન. |
| ૧૭૭ | ઉર્વશીબેન જાની | ૧૨૫૦ પ્રણામ, ૨૫૧ માળા, નિર્જળા, ૫૧ પ્રદક્ષિણા. |

| | | |
|---|---|---|
| ૧૭૮ | કુસુમબેન દેસાઇ | ૧૬૫ પ્રદક્ષિણા, ૫ શિવમહિમ્ન, મૌન. |
| ૧૭૯ | કૈલાસબેન (ભરૂચ) | ૨૦૮ પ્રદક્ષિણા, ૫ શિવમહિમ્ન, મૌન. |
| ૧૮૦ | સવિતાબેન ભક્ત | ૧૦૦૦ પ્રણામ, ૫૧ પ્રદક્ષિણા, મૌન. |
| ૧૮૧ | શારદાબેન પટેલ | ૧૦૦૦ પ્રણામ, ૧૦૮ પ્રદક્ષિણા. |
| ૧૮૨ | વનિતાબેન પટેલ | ૫૧ પ્રણામ, ૧૧ બાવની. |
| ૧૮૩ | કલ્પનાબેન મહેતા | ૨૦૦ પ્રદક્ષિણા, વિષ્ણુસહસ્ર. |
| ૧૮૪ | વિજુબેન પટેલ | ૧૦૧ માળા, પ્રદક્ષિણા. |
| ૧૮૫ | મંજુલાબેન પટેલ | ૧૦૮ પ્રદક્ષિણા, ૧૧ બાવની. |
| ૧૮૬ | કલ્પનાબેન પટેલ | ૧૦૮ પ્રદક્ષિણા, ૨૧ બાવની. |
| ૧૮૭ | અરુણાબેન શાહ | ૫૧ માળા, વિષ્ણુસહસ્ર ૫, મૌન. |
| ૧૮૮ | શોભનાબેન શાહ | ૫૧ બાવની, ગીતાપાઠ. |
| ૧૮૯ | મધુબેન ભક્ત | ૧૦૧ પ્રદક્ષિણા, ૧૦૮ માળા. |
| ૧૯૦ | આનંદીબેન | ૨૫૧ પ્રણામ, મૌન, ૧૦૧ માળા. |
| ૧૯૧ | રંજનબેન ઠાકર | ૮ કલાક લેખન. |
| ૧૯૨ | નીરૂબેન | ૫૦૦ માળા, ૧૧ બાવની, નિર્જળા. |
| ૧૯૩ | મહાલત્તાબેન | ૧૦૦૦ પ્રણામ, ૫૧ બાવની. |
| ૧૯૪ | નિર્મળાબેન ભટ્ટ | ૧૧ બાવની, પ્રણામ, હનુમાન ચાલીસા, પ્રદક્ષિણા. |
| ૧૯૫ | મંજુબેન અઘેરા | ૧૦૧ માળા. |
| ૧૯૬ | હંસાબેન જાડેજા | ૧૦૦ માળા. |
| ૧૯૭ | સીતાબેન તન્ના | ૧૫૧ માળા. |
| ૧૯૮ | દમયંતીબેન | ૫૦૦ પ્રણામ, ૨૦૦ માળા. |
| ૧૯૯ | નીલાબેન ભટ્ટ | ૧ કલાક જપ, લીલામૃત, નિર્જળા, પ્રદક્ષિણા. |
| ૨૦૦ | સરોજબેન પટેલ | ૫ લીલામૃત, ૧૦૧ માળા. |



| | | |
|---|---|---|
| ૨૦૧ | મંજુલાબેન ભાવસાર | ૨૫૧ પ્રણામ, ૧૧૧ બાવની. |
| ૨૦૨ | મંજુલાબેન હળવદિયા | ૧૦૦૦ પ્રણામ, ૨૫૧ પ્રદક્ષિણા. |
| ૨૦૩ | માલતીબેન | ૫૧ પ્રદક્ષિણા, ૩૧ બાવની. |
| ૨૦૪ | લાભુબેન | ૨૫૧ માળા, વિષ્ણુસહસ્ર, લીલામૃત, બાવની, મૌન. |
| ૨૦૫ | રંજનબેન દેસાઇ | ૧૦૦૦ માળા, નિર્જળા. |
| ૨૦૬ | રમીલાબેન | ૨૫૧ માળા, નિર્જળા. |
| ૨૦૭ | કલ્પુ | ૧૦૦૦ પ્રણામ, ૫૧ પ્રદક્ષિણા. |
| ૨૦૮ | સેજલ | ૩૧ બાવની, ૨૫૧ પ્રદક્ષિણા, ૨૦૦ પ્રણામ. |
| ૨૦૯ | રાજશ્રીબેન | ૧૧૦૦ પ્રણામ, ૩૩ બાવની. |
| ૨૧૦ | જયશ્રીબેન | ૧૧૦૦ પ્રણામ, ૩૩ બાવની. |
| ૨૧૧ | નયનાબેન ભક્ત | મૌન એકાંતના પદો ગાવા, ૨ કલાક પ્રાર્થના. |
| ૨૧૨ | મીનાબેન (મુંબઇ) | ૧૦૦ માળા, પ્રદક્ષિણા, ૨૫ પ્રણામ, મૌન. |
| ૨૧૩ | મુન્નીબેન ભક્ત | ૧૦૦૧ પ્રણામ, ૨૫૧ માળા, મૌન, નિર્જળા. |
| ૨૧૪ | ભાનુબેન ભક્ત | ૫૧ પ્રદક્ષિણા, ૨૧ માળા, ગીતા પાઠ, મૌન. |
| ૨૧૫ | કાન્તાબેન ભક્ત | ૧ કલાક પ્રદક્ષિણા, ૫૧ માળા, મૌન. |
| ૨૧૬ | રીટાબેન (મુંબઇ) | ૧ લાખ જપ, મૌન, ૦ા કલાક પ્રદક્ષિણા, બાવની. |
| ૨૧૭ | ભારતીબેન ચોક્સી | ૧૨૬૦ માળા, બાવની, અડધો કલાક પ્રદક્ષિણા, મૌન. |
| ૨૧૮ | કાન્તાબેન તન્ના | ૧૦૧ માળા. |

| | |
|---|---|
| ૨૧૯ આશાબેન ભક્ત | ૫૦૦ માળા. |
| ૨૨૦ નીલાબેન પુજારા | ૧૦૧ માળા, ૫ બાવની, સરળ ગીતા—૭ ને ૫. |
| ૨૨૧ પ્રીતિબેન પુજારા | ૫૧ પ્રદક્ષિણા, ૨૧ માળા, ૩૧ પ્રણામ. |
| ૨૨૨ ઈન્દુબેન ઠક્કર | ૧૦૧ માળા, ૧૦૦ પ્રણામ, ૫૧ પ્રદક્ષિણા, નિર્જળા, ૨૧ બાવની, |
| ૨૨૩ વર્ષાબેન ઠક્કર | ૨૧ માળા, ૫૧ પ્રણામ. |

✡

માણસ પાસે કેટલી વસ્તુઓ છે, તેના પર નહિ, પણ તે કેટલી વસ્તુઓ વિના ચલાવી શકે છે, તેના પર તેની સમૃદ્ધિનો આધાર છે. — **યોગેશ્વરજી**


**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) **૨૨૧૩૮૧**, (રહેઠાણ) **૨૩૦૨૨૨.**




# યજ્ઞોપવીત સંસ્કાર પર્વ

**નિશા પંડ્યા, યોગેશ પંડ્યા (મુંબઈ)**

**પૂ. મા એટલે 'વ્હાલની વીણા' અને 'સંતસૌરભના ફુવારા.'**

ભલે પૂ. માની 'મૌનવાણી' છે, તે વાણી થંભી નથી પરંતુ શ્રીચરણે સ્થિર બની ''કાર્યરૂપી વાણી''માં અનુવાદિત થઈ છે.

''સ્વર્ગારોહણ એટલે નિતનવા પર્વોનો સંપૂટ.'' એમાંનું જ આ એક મંગલ પર્વ એટલે જ આ ''યજ્ઞોપવિત સંસ્કાર પર્વ.''

વિચાર્યું ના હોય, કલ્પ્યું પણ ના હોય અને ક્યાંય જોયું પણ ના હોય, છતાંય અખૂટ શાંતિ દેનારું આ પર્વ હૃદયસ્પર્શી બની રહ્યું. ખૂબ હર્ષોલ્લાસ સાથે આનંદસભર સંપૂર્ણ પવિત્રતાથી આખું પર્વ ઉજવાયું.

પૂ. મા તો જાણે ભક્તોના ભાર ઉંચકવા જ પ્રગટ્યાં છે, કારણ એકવાર ડુંગરનો ભાર કદાચ સહેવાય પણ સાંસારિક પ્રસંગોરૂપી ડુંગરોનો ભાર સહેવામાં તો કમર માત્ર ઝૂકી જ નહિ, પણ ભાંગી જાય. પરંતુ પૂ. મા એ તો આ પ્રસંગરૂપી ડુંગરને આંગળી પકડીને—અરે ના! ઉંચકીને ઉંબરાની જેમ ઠેકાવી દીધો. વ્યાવહારિક મૂંઝવણભર્યા આ પ્રસંગને પર્વમાં પલટાવી દીધો. કારણ કે પ્રસંગ—પાર પાડવાનો હોય પર્વ ઉજવવાનો હોય. પ્રસંગમાં વ્યવહાર ભળેલો હોય પર્વમાં પ્રસન્નતા હોય અને પ્રસન્નતા તો પૂ. મા—પ્રભુ થકી જ હોય ને!

કેમ કે—ગંગાથી ઘાટ શોભે છે ઘાટથી ગંગા નહિ. વળી, તેથી જ—

સંત પરમ હિતકારી જગમાંહી, સંત પરમ હિતકારી...

આ પદ લોકોએ ગાયું—સાંભળ્યું. જ્યારે અમે તો જોયું ને માણ્યું. સ્વર્ગારોહણના આ સંસ્કારધામમાં પરમના ખોળે ખૂંદતા બટુકોને સંસ્કારોના ઝૂલે ઝૂલતા જોયા. બાળકોને અહીં બાળ-દેવતામાં પલટાતા જોયા. બટુક સ્વરૂપ આ બાળદેવતાઓ પૂ. મા—પ્રભુના વિશુદ્ધ પ્રેમસ્વરૂપ પ્રેમરસ માણતા માણતા સ્વર્ગા-રોહણની આ ધન્યધરા પર પરિમલ સ્વરૂપ ખીલી ઉઠ્યા. બટુકરૂપી આ કળીઓ સ્વર્ગારોહણની આ ધરા પર સુવાસિત ફોરમ બની રહી. સતત સાન્નિધ્ય અને સહવાસથી પૂ. માની આ બટુકમંડળી તો મધમધતા બાગની રોનક બની રહી. તા. ૨—૨—૨૦૦૬ ની વસંતપંચમીનું આ પ્રભાત સાચા અર્થમાં ‘‘વસંત’’ બની ગયું. સ્વર્ગારોહણ પૂર્ણ રીતે ‘‘યજ્ઞશાળા’’માં ફેરવાયું. પૂ. મા સાથે કોઈની પણ લોહીની સગાઈ નથી તેમ છતાં પૂ. માએ સમગ્ર ભાર ઉંચકી લીધો. પૂ. માની તો ‘‘સબસે ઉંચી પ્રેમ સગાઈ’’ જ રહી.

સ્વર્ગારોહણમાં કુટિયાનો પાછળનો ભાગ પવિત્ર યજ્ઞકુંડ, પૂ. શ્રી મા—પ્રભુની સુંદર બેઠક તથા પૂ. માના હીંડોળાથી આખોય દરબાર ઝગમગી ઉઠ્યો—ઝળહળી રહ્યો.

આખોય યજ્ઞમંડપ આસોપાલવના તોરણોથી સજાવેલો છે. નાનાં બાળકો તથા બટુકોએ પણ આ સજાવટમાં ફુગ્ગાથી શણગારવામાં ભાગ લીધો છે. આઠ બટુકોનાં અલગ—અલગ આઠ સ્થાન બનાવવામાં આવ્યાં છે. દરેકની પાસે પાંચ યજ્ઞકુંડ છે એટલે આખાય યજ્ઞમંડપમાં ચાલીસ યજ્ઞકુંડ છે જે રંગોળીથી સુશોભિત છે. દરેક બટુક પાસે એક—એક ભૂદેવ ગાદી પર બેઠા છે. એક ગાદી પર બટુક તથા માતા—પિતાનું સ્થાન છે. અહીં દરેકની સામે મોટી પાટ પર પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુનું



સુંદર સ્વરૂપ છે. સાથે—સાથે મા ગાયત્રી, મા સરસ્વતી, મા જગદંબા તથા આ સર્વનું એક જ સ્વરૂપ એવાં પૂ. મા સર્વેશ્વરીનું પણ સ્વરૂપ રાખ્યું છે.

પૂજન માટે ગણપતિજીનું સ્થાપન, વિવિધ જાતના અનાજો-થી નવગ્રહોનું સ્થાપન થયેલું છે. આ ઉપરાંત વિવિધ જાતની દાળ તથા કઠોળ પણ રાખવામાં આવ્યાં છે. ફળો તથા સૂકા મેવાની સાથે મીઠાઈ તથા વસ્ત્રો પણ છે. અગરબત્તીથી માંડીને પૂજાની બધી જ સામગ્રી, દીવડાઓ, ફૂલો તથા ફૂલહારની પણ દરેક સ્થાન પાસે સરખી જ વ્યવસ્થા રાખી છે. ભગવાનને સ્નાન કરાવ્યા પછી લૂછવાના વસ્ત્રની પણ વ્યવસ્થા જેવું બારીક આયોજન પૂ. મા સિવાય કોણ કરી શકે? આઠેય સ્થાન પર એકસરખી જ વ્યવસ્થા છે. અહીં કોઈ જ વસ્તુની અછત નથી કે ઉણપ નથી. આખોય મંડપ સુંદર સજાવટ અને બધી જ વસ્તુઓથી સભર છે.

આઠ બટુકોનાં નામ સાથે પૂ. માએ બટુકોના સ્વાગત માટે લખ્યું છે કે—

**‘‘પધારો બાળદેવતાઓ, કરો કિલ્લોલ, પામો સંસ્કાર.’’**

બાળકોનું આવું સુંદર સ્વાગત પૂ. માએ સ્વહસ્તે લખીને જ કર્યું છે. પર્વની પૂર્વસંધ્યાએ આખુંય આકાશ આતશબાજીથી ગાજી ઊઠ્યું! પૂ. માએ બધા જ બાળકો પાસે ફટાકડા ફોડાવી આ પર્વની ઉજવણીનો પ્રારંભ કરી દીધો.

સવારે બટુકો સહિત તેમનાં માતા—પિતા સ્વર્ગારોહણની સીડી ચઢીને પૂ. મા—પ્રભુને પ્રણામ કરે છે. બટુકો તેમના કોમળ હાથોમાં તેમના પ્યારા પ્રભુના સ્વરૂપને લઈ ધૂનની મસ્તી માણતા, સજાવેલા મંડપમાં ઝૂમતા ઝૂમતા પૂ. મા સાથે

જ આવી પહોંચે છે. ''ૐ યોગેશ્વરાય નમઃ''ની ધૂન ગાતા ગાતા આ બાળદેવતાઓ માતા—પિતા સાથે આ મંગલપર્વના પ્રથમ ચરણમાં પૂ. શ્રી ગુરુદેવ પ્રભુ તથા પૂ. માના આશીર્વાદ પ્રાપ્ત કરી લે છે.

શાસ્ત્રોક્ત વેદમંત્રો સાથે ચંદન—પુષ્પથી પૂ. શ્રી માનું પણ ચંદન—ચૂંદડીથી પૂજન થાય છે. ત્યારબાદ સૌ પોતપોતાનું સ્થાન લે છે.

પર્વનો દબદબાભેર શુભારંભ થાય છે પણ સ્વર્ગારોહણના નિયમોનો ક્યાંય ભંગ નથી. સવારની પ્રભાતફેરી અને પ્રણામ પણ થાય જ છે. પૂ. શ્રી ગુરુદેવ પ્રભુના ''પ્રકાશના પંથે''માંથી બ્રહ્મરસનું આચમન પણ થાય જ છે.

ગુરુ જ સૂર્ય, ગુરુ જ ગાયત્રી, ગુરુ જ સરસ્વતી અને ગુરુ જ નારાયણ એવાં ગુરુ સ્વરૂપ પૂ. મા સ્વયં જ નીચે સ્થાન લઈને બેઠેલા બટુકોના માતા—પિતાની પાસે જઈને ચંદનથી ચાંદલો કરી ''ૐ યોગેશ્વર રક્ષમામ્''ની શાલરૂપ વસ્ત્ર દરેક બટુકના પિતાને ઓઢાડે છે.

શ્રી વિજયભાઈ પંડિત, શ્રી સ્નેહલભાઈ તથા શ્રી કેયૂર શાસ્ત્રીજીએ—વિવિધ મંત્રોચ્ચાર સાથે સંસ્કારોની સમજ આપી. તો બટુકો પાસે બેઠેલા ભૂદેવોએ પણ બધી વિધિ કરાવતાં, ગર્ભાધાનથી માંડીને જાતકર્મ, નામકરણ, ચૌલકર્મ, તથા ઉપનયન સંસ્કારોની વિશદ સમજુતી આપી.

બટુકો પૂ. મા પાસે મંચ પર પહોંચી જાય છે. એકસરખાં વસ્ત્રો, માથે મૂંડન અને એકસરખી ટોપીમાં આ બટુકો સુંદર લાગી રહ્યા છે. પૂ. મા પણ ખૂબ જ પ્રસન્નતાથી પ્રસાદના ખજાના-માંથી એક પછી એક વસ્તુઓના ઢગલા કર્યા જ કરે



છે. જોનારા થાકે—બટુકો લેતાં થાકે પણ પૂ. મા આપવાનો ક્રમ ચાલુ જ રાખે છે. શામળિયા શેઠ જાણે મોસાળુ કરવા આવ્યા હોય તેવી અદાથી—પોતાના અખૂટ ભંડારમાંથી ભેટો ધરીને આ પર્વને પૂ. માએ દીપાવી દીધું.

આ લાંબી યાદી છે પૂ. માએ આપેલ ભેટોની :

પૂ. મા—પ્રભુના સ્વરૂપનું સુંદર મંદિર. પંચપાત્ર—જેમાં નાની માળા, મોટી માળા અને જનોઈ. કાંસાનું થાળી જેવું પાત્ર. લંચબોક્સ—કાજુથી ભરેલું. 'ૐ યોગેશ્વર રક્ષમામ્'ની શાલ, રેશમનું ઉપવસ્ત્ર, પીલો કવર સાથેની ચાદર, લોટી, ઉલીયું, ટ્રે, પૂ. માનો બેજ, કાંડા ઘડિયાળ, પૂ. મા—પ્રભુના સ્વરૂપ સાથે ૫૦૧/— રૂા.નું કવર, મ્યુઝિકલ કાર્ડ, કેલ્ક્યુલેટર, નાની ટોર્ચ લાઈટ, બે પેન સેટ, 'મા' પરિવારનો આશીર્વચન-નો લેમિનેશનવાળો પત્ર, નોટબુક્સ, એન્જિનીયર કાગડો અને બીજી બાળવાર્તાઓ, પૂ. યોગેશ્વરજીનું સાધના પુસ્તક, રોજ-નોંધની ડાયરી, પ્રાતઃસંધ્યા પ્રયોગ, ચાલો યોગ શીખીએ, સ્વામી રાજર્ષિ મુનિ, વિદ્યાર્થીઓનું યશસ્વી જીવન, શ્રી સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિ, Steps Towards Eternity, by Yogeshwarji, Our Reading of P. Yogeshwarji's, Jeevan Mantra. પુસ્તક અને નોટબુક્સ પર લગાવવાનાં સ્ટીકરો, 'ૐ મા'ની પૈડાંવાળી વિમાન મુસાફરીની બેગ.

આ બધી જ વસ્તુઓની સાથે ખજૂર, બિસ્કીટ, ચોકલેટ તથા મીઠાઈ પ્રસાદમાં તો ખરી જ. આ બધું જ 'ૐ મા'ની સ્ટોલર બેગમાં રાખીને આઠેય બટુકો આખા સ્વર્ગારોહણમાં—

''બેગ મારી સરર જાય ૐ મા ૐ મા બોલતી જાય.''

ગાતા ગાતા પાછા મંચ પર પૂ. મા પાસે આવી જાય છે.

આ બધી જ વસ્તુઓ પૂ. મા ખૂબ જ પ્રેમથી—પ્રસન્નતાથી દરેક બટુકની પાસે જાતે જ જઈને આપે છે. કાંડા ઘડિયાળ પણ બટુકોના હાથે સ્વયં જ બાંધે છે. બધા જ બટુકોને ગુલાબના હાર પહેરાવે છે.

પૂ. મા બધા જ બટુકોની સાથે, ત્યારબાદ બટુકોના માતા—પિતા સાથે, અને છેલ્લે દરેક બટુકના પરિવારના સ્વજનો સાથે ફોટા પડાવે છે કારણ—આવેલા સ્વજનોને કદાચ એમ ન થાય કે ઘરે હોત તો અમે પણ બટુકો સાથે ફોટા પડાવત. કોઈના પણ મનને ક્યાંય ઓછું ના આવી જાય, તેવી રીતે બધાના મનને પણ સાચવીને ખૂબ પ્રસન્નતાથી બધો જ ભાર પોતાના શિરે ઉઠાવીને આ સંસ્કાર પર્વને પૂ. માએ દીપાવી દીધો.

અહીં આ પર્વમાં આવેલામાંથી જેઓ પ્રથમવાર જ સ્વર્ગારોહણ આવ્યા છે તેમને એક એક ગીતાની કેસેટ, નાની માળા તથા અધ્યાત્મનો એક એક અંક આપવામાં આવે છે. પૂ. મા ક્યાંય કશું જ ચૂકતાં નથી. સમગ્ર આયોજનમાં પૂ. માની વ્યવહારદક્ષતા ઉડીને આંખે વળગે તેવી જણાઈ આવે છે. ક્યાંય ગેરવ્યવસ્થા બિલકુલ જ નહિ. શિસ્તબદ્ધ રીતે આખું જ પર્વ ગુરુદેવપ્રભુના આશિષ તથા પૂ. માની પાવન સંનિધિમાં સંપન્ન થાય છે. સમગ્ર પર્વના આયોજનમાં ક્યાંય ખોટ નથી. આઠ બટુકોના યજ્ઞોપવિતમાં જે—જે વસ્તુઓ વપરાશમાં લીધી છે તે બધી વિપુલ પ્રમાણમાં જ લીધી છે. બધાંના માટે વસ્ત્રો, મૂંડન માટે વાળંદ, સ્નાન માટે ગરમ પાણી, બધી જ વ્યવસ્થા યોગ્ય સમયે તૈયાર છે. પૂ. માના દરબારમાં ક્યાંય અછત—ખોટને સ્થાન જ નથી. સઘળું પ્રેમથી સજાવેલું અને અર્પેલું છે. સવારે ૯—૩૦ વાગ્યે શરૂ થયેલું આ પર્વ રાત્રે ૧૦—૩૦ સુધી



ચાલે છે. જેમાં બપોરે ફક્ત એક કલાક મહાપ્રસાદ લેવા માટે ફાળવ્યો હોય છે. રાત્રે પણ છેલ્લે મિષ્ટાન્ન સાથેનો જ મહાપ્રસાદ સહુ પ્રસન્નતાપૂર્વક લે છે.

આ સમગ્ર પર્વ પાછળ પૂ. માનો અથાગ પરિશ્રમ રહેલો છે અને માત્ર એટલે જ કે અહીં આવતા પરિવારોનાં બાળકો સંસ્કાર સાથે દીક્ષિત થાય. સારા સંસ્કાર પામે અને પવિત્ર જીવન જીવે. પૂ. માનું સમગ્ર આયોજન પ્રાણ પૂરનારું બની રહ્યું.

પૂર્વસંધ્યાએ આતશબાજીથી શુભારંભ પામેલું આ પર્વ બીજે દિવસે મટકીફોડ સુધી ચાલે છે. આ બધા જ બટુકો પાસે પૂ. મા સ્વયં મટકીફોડનો આનંદ લૂંટાવરાવે છે. શ્રીકૃષ્ણના બાળસખા-ઓને મટકીફોડમાં જે આનંદ પ્રાપ્ત થયેલો તેવો જ આનંદ આજે અહીં સહુ કોઈ લૂંટે છે. આ મટકીઓ ચોકલેટ, પીપર, રબર, પેન્સિલ, સંચા તથા કલર પેન્સિલથી ભરેલી હોય છે. વેફરના મોટાં મોટાં આખાં પેકેટ પણ દરેકને અલગ અલગ રીતે દોરી પરથી લેવડાવી અનેરો આનંદ કરાવે છે.

પૂ. માએ હજી જળ પણ નથી લીધું, છતાં અતિઉત્સાહથી બધા જ બાળકોને મટકીફોડની ઉજવણી કરાવી. આઈસ્ક્રીમનો વરસાદ વરસાવ્યો. દરેક ભૂદેવોને શ્રી અરુણાબેનના હાથે ૫૦ રૂા. ની પ્રસાદી અપાવી અને માત્ર અહીંના ભૂદેવોને જ નહિ, પણ બટુકોના મામા—મામીને પણ સામેથી યાદ કરીને આ લક્ષ્મી-પ્રસાદ અપાવે છે. આનંદ અને રમત રમતમાં પણ પૂ. માનું લક્ષ્ય તો બાળકો સારા સંસ્કાર પામે અને પ્રભુપરાયણ જીવનની દીક્ષા પામે તે જ રહે છે. તેથી જ તો પૂ. માએ કહ્યું કે—

''જેને જેટલા પેકેટ મળ્યાં તેટલા પ્રણામ તો કરવા જ પડે!''

વળી કહ્યું કે—"દરેક બટુક તથા માતા—પિતા પણ 'ૐ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ'ના મંત્ર સાથે ૧૧ પ્રણામ તો કરે જ." આમ કહી માતા—પિતાને પણ તેમની ફરજની યાદ અપાવે છે કે બાળકોને પ્રણામ યાદ કરાવી જાતે પણ કરવા કે જેથી આ પ્રણાલિ સંસ્કારરૂપે આપોઆપ જ રેડાય. સાચે જ સૌના હૃદયને "હાશ" ધરનારું આ એક અદ્‌ભુત પર્વ બની રહ્યું. પૂ. માના પ્રેમ અને કરુણાની વાતોને એક નાનકડા લેખમાં તો કેટલો ન્યાય આપી શકાય? છતાં આમાં શક્ય તેટલી વિગતો ને ભાવો સમાવવા પ્રયત્ન કરેલ છે.

કહેવું કે પૂ. માની કરુણા કેવી! હે મા!
સાચે જ આપ કરુણાની સાકાર મૂર્તિ છો.

સ્વજનરૂપે હાજર રહેલા મામાઓ દ્વારા આ બટુકોનો બડવો પણ દોડાવવામાં આવે છે. અંગે પીઠી કરી—મૂંડન કરાવી—સ્નાન કરીને ઉપવસ્ત્ર પહેરી હાથમાં દંડ સાથે આ બાળસવારી બડવા માટે હાજર થઇ જાય છે. મામાઓ દ્વારા જ ઉંચકીને સ્વર્ગારોહણના પ્રવેશદ્વાર સુધી લઇ જવામાં આવે છે—જ્યાં પૂ. માના આ બાળરાજાઓ માટે પૂ. માએ "બગી"ની વ્યવસ્થા પણ કરી છે. મહેસાણાથી ખાસ મંગાવવામાં આવેલા બેન્ડવાજા સાથે આ પૂ. માના બાળદરબારના બાળરાજાઓ ઉપરણવસ્ત્રમાં સજ્જ થઇ હાથમાં દંડ સાથે બગીમાં ગોઠવાઇ જાય છે. આ બાળસવારી સ્વર્ગારોહણથી અંબાજી માતાના મંદિર સુધી ગરબા, બાવની ને ધૂનની રમઝટ સાથેના સંકીર્તનના ગાનથી ઝૂમી ઊઠે છે.

આખાય યજ્ઞોપવિત સંસ્કારનો આર્થિક ભાર પણ પૂ. માએ જ ઉપાડ્યો છે. બગી, બેન્ડવાજા ને બાવનીના ગાનથી ઝૂમી



ઊઠેલા આ બાળરાજાઓને પૂ. માએ મંચ પર બોલાવી સફારીના વસ્ત્રો સાથે માથે ગાંધી ટોપી અને ઉપર પાછી "ૐ મા"ની ટોપી પહેરાવી સજાવી દીધા. સૌ બટુકો જલ્દીથી આ વસ્ત્રો પરિધાન કરી સંસ્કારોના આ સ્વર્ગારોહણમાં સૌ બટુકોને તેમના માતા—પિતા સહિત સતત ઉચ્ચારાતા મંત્રોચ્ચારોની આ વેદશાળામાં મંગલ પ્રવેશ કરાવી દીધો. યજ્ઞમંડપની ધાર્મિક પ્રણાલિ જાળવવા માટે ધોતી તથા ઉપવસ્ત્ર સિવાયનાને અહીં પ્રવેશવાની બંધી હતી.

સતત વેદોક્ત ને ધાર્મિક મંત્રોચ્ચારો થતા રહેતા. તેથી વાતાવરણમાં એક પ્રકારની સાત્ત્વિકતા પ્રસરી રહેલી. તેની સૂક્ષ્મ અસર આ બાળ બ્રહ્મચારીઓ પણ અનુભવતા. એથી તો થાક કે કંટાળ્યા સિવાય તેઓ ઉપનયન સંસ્કારવિધિમાં કલાકો સુધી પ્રસન્નતાપૂર્વક જોડાયેલા રહી શક્યા. અહીંનું આ સમયનું વાતાવરણ કોઇ વૈદિક કાળના ઋષિઆશ્રમ જેવું બની રહ્યું. પરંતુ આ આશ્રમના ઋષિ, અધિષ્ઠિતા હતાં પૂ. મા. જાણે એવું લાગતું કે મા ગાયત્રી સ્વયં પ્રકટીને આ બટુકોને ઉપનયન સંસ્કાર ના કરાવી રહ્યાં હોય! આ પર્વની દિવ્યતાને નિરખાવા-ની ખાતર સ્વયં સૂર્ય ભગવાન પણ થંભી ગયા હોય એમ જોનારાઓને લાગ્યું. પૂ. માનો નિર્વ્યાજ પ્રેમ પામીને બાળકો તો એટલા બધા ખુશખુશાલ હતાં કે તેઓ જાણે પોતાની જાતને જ ભૂલી ના ગયાં હોય!

સાંસારિક બની રહેલા યજ્ઞોપવિતનો આ પ્રસંગ સાંસારિક કે સામાજિક નહિ, પણ આધ્યાત્મિક સંસ્કાર છે તેની ભેદરેખા પણ અહીં સમજાઇ. ઉપનયનની આ સંસ્કારવિધિમાં પૂ. મા સ્વયં જ આ બટુકોને 'પંચપાત્ર' અર્પી અનેરા આશીર્વાદ ધરે

છે. પૂ. મા પાસેથી આ પૂજાપાત્રો લઈને પૂ. માને જ વીંટળાઈ વળેલા આ બટુકો ખૂબ પ્રસન્ન છે. અહીં હાજર રહેલા સૌને આજે પૂ. માનો આવો અનન્ય પ્રેમ પામવાની મીઠી ઈર્ષા થાય તેવું આ મંગલપર્વ બની રહે છે. જગદંબા સ્વરૂપ પૂ. માના શ્રીહસ્તે દીક્ષિત થવાનું આ કાર્ય, બટુકો અને તેમના વાલીઓ માટે જેની કલ્પના પણ ના કરી હોય તેવી અદ્‌ભુત ઘટના બની ગઈ.

પૂ. માએ જે વિરલ રીતે આ પર્વ ઉજવ્યું ત્યારે એમ જ લાગે શ્રીપુષ્પદંતે ભગવાન શંકરની સ્તુતિ કરતાં ગાયું કે તત્ત્વથી ના તને જાણું, કેવો છે તું મહેશ્વર, જેવો તું હોય તેવોય, નમસ્કાર તને કરું.

શાસ્ત્રો અને જ્ઞાનીઓ પણ જે ઈશ્વરને—''નેતિ—નેતિ'' કહીને છોડી દે છે તે નેતિ પછીનું સાકાર સ્વરૂપ એટલે જ પૃથ્વીપરનાં આપણાં આ મા સર્વેશ્વરી.

ઉપનયન સંસ્કારના પર્વમાં જોડાતાં પહેલાં એક બટુકના પરિવારે પૃચ્છા કરી કે હે મા, અમારે શું લાવવાનું રહેશે? પૂ. માનો જવાબ હતો, હાથ, પગ અને હૈયું લઈને આવજો. હાથ પૂ. મા આપે તે સ્વીકારવા માટે, પગ અહીં પ્રણામ ને પ્રદક્ષિણા કરવા. તો હૈયું—પૂ. મા જે દિવ્ય પ્રેમભાવથી આપે—તેનો મહાભાવ દિલમાં સંઘરી, જીવનને પ્રભુમાર્ગે વાળવા. કેવી કદી કોઈએ કલ્પી ના હોય—એવી આ વાત પૂ. મા સર્વેશ્વરી જ કરી શકે. આથી બટુકોના પરિવાર તેમ જ જે સગાઓ આવેલા તેઓ પણ પૂ. માના આ પ્રેમમય વ્યવહારથી ભીંજાઈ ગયા,—અરે, અભિભૂત થઈ ગયા. સહુ કોઈના નાનામોટાં ભેટના કવરોનો પણ પૂ. માએ નમ્રતાપૂર્વક અસ્વીકાર કર્યો. કેવી નિઃસ્પૃહતા! ●



# સંવેદનાની સરવાણી

**શ્રી કલ્યાણ**

દલિત પતિત દુઃખિયાને કાજે, જેણે જન્મ ધર્યો ઉલ્લાસે.
જેની રગ રગ કંપિત થાયે, પ્રેમ દયાના એકલ રાગે.
મહિમા કેમ કરી હું ગાઉં?
વંદન ચરણમાં મનું જ તારે, ફૂલ ધરી રહું આજે ભાવે.

પૂ. શ્રી મા દીન—દુઃખિયાને કાજે સ્વર્ગારોહણ તીર્થમાં ધૂણી ધખાવીને બેઠાં છે. દલિત—પતિતોના દુઃખો સતત દળી રહ્યાં છે. જાણે પૂ. શ્રી માએ પ્રેમ, દયા અને કરુણાની ગંગા સ્વર્ગારોહણતીર્થમાં પ્રગટ કરી છે! કોઈ વર્ષ એવું નથી ગયું કે જે વરસે પૂ. શ્રી માએ લાભાર્થીઓને અનાજ, વસ્ત્ર, વાસણ અને દવાઓની સહાય ન કરી હોય! અરે! એક જ વખત નહીં પરંતુ ઘણીવાર તો બબ્બે વખત એક જ વરસમાં પૂ. શ્રી મા ગરીબોની વ્હારે ધાયાં છે. એ ગંગોત્રીમાંથી જીવતા દેવો માટે પાવન-પ્રેમની ગંગા અવિરત વહ્યાં જ કરે છે. પૂ. શ્રી માના કરુણા સ્પર્શે દીનહીન પતિતોની આંતરડી ઠરે છે, એ માતૃવડલે સૌને શીતળ છાંય મળે છે, એ માતૃપરબે સૌની તરસ છીપે છે, સૌ વિશ્રાંતિ પામે છે. અનેક નિરાધારોના આધાર બનીને સૌના આશ્રયસ્થાન બની રહ્યાં છે. અત્યાર સુધી અનેક એ પાવન માતૃચરણે ઠર્યાં છે, અને તનમનની શાંતિને વર્યાં છે.

સ્વર્ગારોહણના આ મંગલ પાવનતીર્થની યાત્રાએ દેશ—વિદેશના અનેક યાત્રીઓ આવ્યા કરે છે અને અહીં વહેતી સત્કાર્યના પ્રયાગરાજના ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને પરમ ધન્યતા અનુભવે છે. આ વખતે શ્રી નિરુબેન, શ્રી જગુભાઈ, તેમના સુપુત્રો શીતલ અને કેતન તેમ જ પુત્રવધૂઓ સુનીતા

અને નીલાબેન સમગ્ર પરિવાર છેક કેનેડાથી આ તીર્થની યાત્રાએ આવ્યો અને પૂ. શ્રી માએ અહીં પ્રગટાવેલાં અન્ન-યજ્ઞમાં પોતાની આહુતિ અર્પણ કરી. ભૂખ્યાજનોનો જઠરાગ્નિ શાંત કરીને પરમ ધન્યતા અનુભવી.

શ્રી નીરુબેન અને શ્રી જગુભાઇનો પરિવાર વર્ષોથી પૂ. શ્રી માના શ્રી ચરણોમાં અખંડ શ્રદ્ધાભક્તિ ધરાવે છે. કેનેડામાં સ્થિર થયા હોવા છતાં સ્વર્ગારોહણની પુણ્યભૂમિની યાત્રાએ વારંવાર આવતા રહે છે. એટલું જ નહીં પરંતુ પૂ. શ્રી માની આ નિત્ય લીલાવિહાર ભૂમિમાં ઠરીને ઠામ થઇને રહે છે. અને અહીં પૂ. શ્રી માએ પ્રગટાવેલી સત્કાર્યની ગંગામાં પોતાની પવિત્ર લક્ષ્મીની સરવાણી ભેળવ્યા કરે છે.

આ વખતે તા. ૩–૨–૦૬ ના રોજ અંબાજી વિસ્તારના ૨૫૦ ગરીબ પરિવારોને અનાજ સહાય માટે પૂ. શ્રી માએ યોજેલા અન્નયજ્ઞમાં શ્રી જગુભાઇનો પરિવાર નિમિત્ત બન્યો. પૂ. શ્રી માએ સ્વર્ગારોહણતીર્થમાં જેઓ સત્કર્મની ગંગામાં સહાયભૂત થવા ઇચ્છતા હોય તેઓ માટે સરસ પ્રણાલિકા પાડી છે. એ પ્રથા એવી છે કે જેઓ દાન આપવા માગતા હોય તે પરિવાર કે વ્યક્તિ જાતે જ હાજર રહે અને પોતાના હાથે જ લાભાર્થીઓને સહાય કરે. આથી બે શુભ હેતુ સરે છે એક તો પોતે આપેલું દાન જેને ખરેખર જરૂર જ છે એવા અસહાય લોકોને પહોંચે છે તે નજરે નિહાળી શકાય અને બીજું પોતાનું ધન સુપાત્રે વપરાય છે તે જોઇને આત્મસંતોષ થાય, એટલું જ નહીં પરંતુ શક્ય હોય તો પૂ. શ્રી મા દાન આપનાર પરિવારને આ અસહાય લોકો જ્યાં વસતા હોય તેવા દુર્ગમ પહાડી વિસ્તારોમાં મોકલે છે. જેથી તેઓ જાતે જ તેમની પરિસ્થિતિ જોઇ શકે. પૂ. શ્રી માએ શ્રી જગુભાઇના સમગ્ર પરિવારને ઝૂંપડામાં વસતા ગરીબોના પહાડી વિસ્તારમાં મોકલ્યા અને એ



પરિવારે જાતે જ અનુભવ્યું કે કેવા નિરાધાર લોકોને પોતાની સહાય પહોંચે છે, તેની ખાત્રી થઇ.

લાભાર્થીઓને અનાજ વિતરણ પણ પૂ. શ્રી માએ એ પરિવારના દરેક સભ્યના હાથે જ કરાવ્યું. વજનદાર ગુણીઓ ઉંચકવાનો તેમનો આ પહેલો જ પરિશ્રમ હતો. છતાં એ પરિશ્રમનો આનંદ સૌના મુખપર મલકાતો હતો.

પૂ. શ્રી માની કેવી અનોખી દૃષ્ટિ! જાણે દરિદ્રનારાયણ સાક્ષાત્ પધાર્યા હોય તેમ તેમને માનભેર આસન આપીને જે પણ વસ્તુઓ આપવાની હોય તે બે હાથ જોડીને પ્રણામ કરીને પછી ભાવપૂર્વક અર્પણ કરવાની અને અંતે સહાય પૂર્ણ થયા પછી બધા જ દરિદ્રનારાયણોને માનભેર વિદાય આપવાની. સ્વર્ગારોહણના બાળકો લાભાર્થીઓ, વસ્તુઓને ઉંચકીને છેક દરવાજા સુધી પ્રેમપૂર્વક વળાવવા જાય છે. પૂ. શ્રી મા એવું માને છે કે લાભાર્થીઓને આપણે આમંત્રણ આપ્યું છે માટે તેમને સ્વર્ગારોહણ આવવા જવાની રોકડ રકમ પણ આપવામાં આવે છે.

શ્રી હેમલભાઇ અને શ્રી સ્નેહલભાઇની સેવાને શું અંજલિ આપી શકીએ? તેઓ તો જાણે એ દરિદ્રનારાયણની દુનિયાના વાસી બની ગયા છે. એ પરિવારોના જાણે સભ્ય બની ગયા છે! પૂ. શ્રી માના આ બંને બાળકોનો સેવા જ જાણે જીવનધર્મ બની ગયો છે. તેમના અંતરમાંથી દરિદ્રનારાયણો માટે એક ઊંડો આર્તનાદ ઊઠી રહ્યો છે.

જે આશ્રયહીન, અપંગ, મૂક દુઃખને સહેતાં,
હો તેમની સાથ સ્થાન મારું, આ અવનિમાં,
જે દયા માગતાં આંસુ સારતાં તે સૌની,
તે સર્વકાજ મારે જીવવું, સ્મિત સાચવતાં.

# વાચાલમ્ મૂકમ્ કરોતિ

ડો. હિમાંશુ પાઠક

સૂરત શહેરના ભરચક ટ્રાફિકમાં બપોરે ૨—૩૦ વાગ્યે હું કાર ચલાવતો હતો ને મોબાઈલ ફોન રણક્યો. મારા પત્ની હેમીનાએ વાતની શરૂઆત કરી ને કહ્યું કે ''અમારી તો 'હા' જ છે, છતાં પપ્પાજીને પૂછવું પડે અને પપ્પાજી 'હા' પાડશે તો હું તમને ફોન કરીશ.'' એટલી વાત સાથે હેમીનાએ મને ફોન આપ્યો. 'જય કૃપાળુ મા' સામેથી સુંદર (સાંભળવો ગમે એવા) અવાજમાં, યુવતીનો સુંદર લહેકો—કાઠિયાવાડી લ્હેકો સંભળાયો. મેં કહ્યું, ''જય કૃપાળુ મા.''

''પૂ. મા પૂછાવે છે કે તારે પાર્થને જનોઇ આપવી છે? અમે કદાચ ૭—૮ બટુકોને જનોઇ આપવા વિચારી રહ્યાં છીએ.''

''અરે, મા, એમાં પૂછવાનું શું હોય? મારી ને અમારા બધાંની હા જ છે.''

''સારું, અમે જણાવીશું.''

''જય કૃપાળુ મા.'' ''જય કૃપાળુ મા.'' ફોન મૂકાઇ ગયો.

''લક્ષ્મી ચાંદલો કરવા આવતી હોય તો કપાળ ધોવા થોડું જવાય? પપ્પાને પૂછવા જવામાં મોડું થઇ ગયું તો!'' હું મનોમન બબડ્યો. અને તે જ દિવસે રાત્રે તો અંબાજીથી પૂ. માનો વિગતવાર ફોન પણ આવી ગયો. બધું નક્કી થઇ ગયું.

૨ જી, ફેબ્રુઆરી ને વસંતપંચમીનો શુભ દિવસ આમ પણ અમારા માટે આ દિવસ ખૂબ યાદગાર છે. કારણ અમારો શહીદદિન (લગ્નતિથિનો દિવસ) છે. વસંતપંચમી અને મહિનો પણ યાદગાર છે, કારણ મને પણ ૧૯૭૫ માં ફેબ્રુઆરીમાં જ જનોઇ આપવામાં આવી હતી.



પહેલી ફેબ્રુઆરી સવારે અમે સૂરતથી નીકળ્યા. જોગાનુજોગ અમેરિકાથી આવેલાં શ્રી સુશીલાફોઇ ને કલ્પના પણ સાથે હતાં. સાંજ સુધીમાં અંબાજી સારી રીતે પહોંચી ગયાં. મારી કલ્પના હતી કે સ્વર્ગારોહણના મોટા હોલમાં લાલ કલરના ત્રણ પાટલાઓ યજમાનો માટે અને એક પાટલો ધાર્મિક વિધિ કરાવનાર બ્રાહ્મણ માટે હશે; સામે કુંડ હશે જેમાંથી એટલો ધુમાડો નીકળશે કે જેથી શ્વાસ પણ રૂંધાય જશે, કારણ પંખાઓ પણ બંધ હશે. પૂ. મા વળી ઉપવાસ કરાવશે અથવા બહુ બહુ તો દૂધ—ફળાહાર. કમરના દુઃખાવાના દર્દી તરીકે આખો દિવસ બેસી રહેવાનું મુશ્કેલ રહેશે. શ્રી વિજયભાઇ પંડિતજી તો મિત્ર હોવાના નાતે મને ગમે, પણ પંડિતજીનું એ લક્ષણ પણ યાદ રહે કે પૂજા—પાઠ—સત્સંગ કરાવતી વખતે એમની ઘડિયાળ બંધ થઇ જાય છે!

આવા કંઇક વિચારો સાથે સ્વર્ગારોહણને ભીના હૃદયે ચરણસ્પર્શ કર્યા. ને અંદર દાખલ થયા તો સુદામા ભગવાન કૃષ્ણનું ઐશ્વર્ય જોઇને આભા બની ગયેલા એવું જ કંઇક અમારું થયું. મારી કલ્પનાનો ભાંગીને ભૂક્કો થઇ ગયો. દાખલ થતાં જ બધા જ બટુકોનાં નામ સાથેનું કલાત્મક સ્વાગત ચિત્ર જોયું. પાછળથી મંજુબેને કહ્યું કે પૂ. માએ રાત્રે ૨.૩૦ વાગ્યા સુધી બેસીને સ્તુતિ પાસે તૈયાર કરાવ્યું, પણ સંતોષ ના થયો. તો સવારે ખાસ સમય કાઢીને એ કામ પૂરું કર્યું.

કોઇવાર નહિ ને આ પ્રસંગે પ્રથમવાર જ હું સીધો કુટિયામાં ૨૧ પ્રણામ કરવા માટે ગયો, તો કુટિયાની બાજુમાં ભવ્ય મંડપ જોયો, સોળે કળાઓ ખીલેલો મંડપ, ચારે બાજુએથી લીલી વનરાજિથી ઘેરાયેલો મંડપ હૃદયને આકર્ષતો હતો. વિશાળ મંડપ પર પૂ. માનો હીંચકો, પૂ. પ્રભુનું સુંદર મંદિર, આઠ બટુકો માટે સુવ્યવસ્થિત બેઠક મારા જેવા ટાલિયાને માથે

તાપ નહિ લાગે એવી વ્યવસ્થા સાથેનો મંડપ, કોઇ પ્રાચીન સ્વયંવર મંડપની યાદ અપાવતો હતો.

સૌ આઠ બટુકોના જીવનનો પરમ પાવનકારી અવિસ્મરણીય સુવર્ણદિન એટલે ૨ જી ફેબ્રુઆરી, ૨૦૦૬ નો સૂર્યોદય સમય-સર થયો. સૌ તૈયાર થઇને પ્રભાતફેરી—બાવની—પ્રણામ કરી મંડપમાં પધાર્યા અને પૂ. પ્રભુને મંડપમાં પધરામણી કરવા સૌને ઉપરના રૂમમાં લઇ ગયાં ને સૌને પૂ. પ્રભુ સાથે મંડપમાં લાવ્યાં.

પૂ. પ્રભુના પૂજન પછી બટુકોના માતા—પિતા પૂ. માનું પૂજન કરવા લાગ્યા તો પૂ. માએ એ પૂજન પણ પૂ. પ્રભુને અર્પણ કરાવ્યું. મને પૂ. માના વ્યવહારની ક્ષણો ખૂબ સ્પર્શી ગઇ. આમ જુઓ તો ઘટના નાની છે. પણ મારે મન મહર્ષિ પતંજલિનું એક યોગસૂત્ર અહીં આત્મસાત્ થઇ રહ્યું હતું.

વ્યવહાર શુદ્ધિમાં પૂ. માને કોણ પહોંચી શકે? પંડિતજીના વરદહસ્તે પૂજાવિધિનો પ્રારંભ થયો તો પૂ. માએ જાહેરાત કરાવી કે મંડપમાં પેન્ટ—શર્ટ પહેરેલા કોઇ હાજર નહિ રહેશે. અને જે હાજર હતા તે સૌને વિદાય કરાવીને જ જંપ્યાં.

વિધિ શરૂ થાય તે પહેલાં પૂ. માએ સૌ યજમાનો અને બ્રાહ્મણોને ચાંદલો કરી શાલ અર્પણ કરી ને વંદન કર્યાં. પૂ. માના પિતાજી પૂજ્ય કાલીદાસદાદાના વખતથી હું જોતો આવ્યો છું કે ભૂદેવોની સેવા કરવાની એક પણ તક આ પરિવારે છોડી નથી. ભૂદેવ ભલેને વીસમી સદીનો હોય કે એકવીસમી સદીનો. આ પરિવારને મન ભૂદેવ એટલે ભૂદેવ. જાણે પૂ. મા દાદાનો એ વારસો જીવંત રાખી રહ્યાં હતાં એવું મને લાગ્યું.

પંડિતજીની વિધિ માટે તો શું કહેવું. મને તો મારી જનોઇની વિધિ યાદ આવી ગઇ. વ્યારા (મારું વતન)ના ગાંડા મહારાજ તરીકે ઓળખાતા બ્રાહ્મણે મને જનોઇ આપી હતી,



જેમના સંસ્કૃતના શ્લોકો હું તો ન જ સમજી શક્યો હતો પણ એ પોતે પણ સમજી શક્યા હશે તે મને શંકા છે. જ્યારે પંડિતજીની વાત તો સ્વર્ગારોહણનો નાઇટ વોચમેનનું કામ કરતો માણસ પણ સમજી શકે.

એ વાતથી તો ખરેખર રાહત થઇ કે પૂ. માએ સૌને ભૂખ્યા ન રાખીને પૂજા કરાવી. એટલું જ નહિ, બપોરે પણ માલપાણી ખવડાવ્યાં. રાત્રે તો ખરાં જ. Thank you મા.

બપોર પછીની વિધિમાં પૂ. મા આવ્યાં ને છેક મોડે સુધી અરે! છેલ્લે સુધી બેઠાં.

પૂ. મા હોય એટલે બધી જ શાસ્ત્રોક્ત વિધિ હોય અને સામાજિક વિધિ પણ કરાવડાવે, જે યોગ્ય હોય, જે આવકારદાયક હોય. ટકોમુંડો કરાવેલા બટુકોની બડવાની વિધિ પણ રાખી. બટુકો દોડ્યા ને મામાઓ પણ દોડ્યા ને વાતાવરણ રંગીન બની ગયું! પૂ. માની હૃદયની ભીનાશ તો ત્યારે જોવા મળી જ્યારે કોઇ બટુકના મામા ન હતા. તો શ્રી રાજુભાઇ જાનીને પહેલેથી સૂચના આપી હતી કે રાજુભાઇ આજે રાજુમામાનો રોલ પણ અદા કરશે.

અને છેવટે બટુકોની બારાત નીકળી. હું ભૂલતો ન હોઉં તો બટુકોને માતાજીના મંદિરે લઇ જવા માટે જે જીપ ને બેન્ડ આવ્યાં હતાં તે ખાસ મહેસાણાથી મંગાવવામાં આવ્યાં હતાં. બેન્ડને મહેસાણાથી અંબાજી બોલાવીને પ્રસંગમાં ચાર ચાંદ લગાડવાનો વિચાર ફક્ત પૂ. માને જ આવી શકે, હું નથી માનતો કે કોઇ બટુકના મામા પોતાના ભાણિયા માટે આવું વિચારી પણ શકે. એ ઉમંગ અને એ ઉત્સાહ પૂ. માના વ્યવહારમાં સ્પષ્ટ દેખાતો હતો. સૌ બટુકો સાથે સૌ અંબાજીના સુપ્રસિદ્ધ મંદિરમાં ગયા. જાણે જગદંબાએ પોતાના બટુકોને જગદંબા પાસે મોકલ્યા—આશીર્વાદ માટે.

અને આખા પ્રસંગનો મોરમુકૂટ જેવી ઘટનાની તો કોઈને કલ્પના પણ ન હતી. સૌ કોઇ મંડપમાં આવ્યા. બટુકોનાં પણ અગાઉથી માપ મંગાવીને તૈયાર કરાવેલ સફારી સુટમાં તૈયાર થઇ પૂ. મા પાસે આવ્યા. અને પૂ. માએ બટુકો પર આશીર્વાદ-ની સાથે અનેક ભેટોની વણઝાર ચાલુ કરી. સુંદર કેપ, પાછી એક નહિ બે, ચોકલેટ, પેન, ઘડિયાળ, કાજુ—બદામ ભરેલ લંચબોક્ષ, ચાદર, મા—પ્રભુનું મંદિર, બિસ્કીટ વિગેરે.

આ નાના બટુકો આ બધું એક સાથે તો કેટલું ઉપાડી શકે એટલે એમની સેવામાં મોટી બેગ આવી ગઇ. બટુકો લેવામાં થાક્યા— જોનારા પણ થાક્યા પણ પૂ. મા નહિ થાક્યાં. બટુકો તો મનમાં બોલ્યા પણ હશે કે ખમ્મા કરો મા, મા, ખમ્મા કરો. પણ સાંભળે એ બીજા. છેવટે બટુકોની બેગ પણ ઉભરાઇ ને વજનદાર બેગ બટુકોના મા—બાપે ઊંચકવી પડી એટલું તો પૂ. માએ આપ્યું કે ન પૂછો વાત. એ અલંકારનું નામ ભૂલી ગયો છું પણ એ અલંકાર કહે છે કે પૂજ્ય મા એટલે પૂજ્ય મા.

અરે! એ કહેવાનું તો ભૂલી ગયો કે બટુકોના મા—બાપને પણ એટલું જ આપ્યું. મને તો થોડી શરમ પણ લાગી. કારણ આ પ્રસંગના ખર્ચ પેટે પૂ. માએ કંઇ સ્વીકાર્યું નહિ, બધો ખર્ચ પણ ઉપાડી લીધો, આટલી વ્યવસ્થા કરી, ને ઉપરથી ખોબે ખોબે ભેટ આપી.

એ જ દિવસે રાત્રે ૧૧.૩૦ વાગ્યે પૂ. મા લટાર મારવા નીકળ્યાં ને સત્સંગની બેઠક શરૂ થઇ ગઇ. રાત્રિના ૨.૩૦ થયા. પૂ. મા કહે પ્રસંગ સારી રીતે થયાનો આનંદ જ એટલો બધો છે કે ઊંઘ ક્યાંથી આવે? આટલો ઉત્સાહ એ પૂ. માનું વિરાટ દર્શન કરાવે છે. એટલે જ તો કહેવું પડે છે કે—

**वाचालं मूकं करोति ॥**



# પૂ. પાદ શ્રી યોગેશ્વરજી

પ્રા. ડૉ. જયન્તીલાલ કે. ભટ્ટ

**लोकोत्तराणां चेतांसि को नु विज्ञातु मर्हति ।**

દિલ કોણ જાણી શકે લોકોત્તર સન્તનાં?

મહાકવિ ભવભૂતિના 'ઉત્તર રામચરિત'—મહાનાટકમાં બીજા અંકમાં આત્રેયીવાસન્તીનો શુદ્ધ વિષ્દ્રમ્ભદ્ર આવે છે તેમાં વાસન્તી આત્રેયી પાસેથી એવું સાંભળે છે કે રાજા રામે અશ્વમેધ યજ્ઞ આરંભ્યો છે એટલે તુરંત વાસન્તી આત્રેયીને પૂછે છે. તો શું રાજા રામ પરણ્યા પણ ખરા? આત્રેયી કહે નહિ, સીતાની સુવર્ણપ્રતિમા બનાવીને યજ્ઞ કરે છે. સહધર્મ-ચારિણી વનમાં છે તેથી રાજા રામે સીતાની સોનાની પ્રતિમા પોતાની સાથે પોતાની પાસે બેસાડીને યજ્ઞ આરંભ્યો છે. આથી વાસન્તી કહે છે અરેરે! આ લોકોત્તર મનુષ્યોના વજ્રથીયે કઠોર અને ફૂલથી પણ સુકોમળ એવાં દિલડાંને કોણ સમજી શકે?

કંઇક આવું જ આપણે આ લોકપ્રિય પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી વિષે કહીએ તો સ્હેજ પણ ખોટું નહિ ગણાય.

તેઓ તપઃસ્વાધ્યાય નિરત યોગી છે અને છતાં લોકસંગ્રહ-ની ભાવના તેમનામાં ભારોભાર ભરેલી દેખાય છે. પૂ. યોગેશ્વરજીએ ભલે હિમાલયમાં તપ કર્યું, ભલે નિરંતર ઉપ-વાસો કર્યા, ભલે વ્રત, જપ, નિયમ, યોગાદિકથી પોતાના પ્રાણોને તપાવ્યા પણ માનવહૈયાના ધબકારા સાંભળી તેમનાં દુઃખ દૂર કરવા માટે તેમનું હૈયું સતત પ્રયત્નશીલ રહ્યું છે.

'પ્રકાશને પંથે'—આત્મકથા જ આ વાત આપણને ખૂબ સ્પષ્ટ રીતે જણાવે છે.

શ્રી નાનુભાઇ નાયક કહે છે તેમ તેમનાં આચાર—વિચાર

એકરસ છે. અને શુદ્ધબુદ્ધિથી એક સાધક મહાત્મા લોક-કલ્યાણને માટે પોતાનું જીવન તપાવે તેમ પૂ. યોગેશ્વરજીએ જીવન તપાવ્યું છે. નહિતર ૧૫—૧૬ વર્ષનો કિશોર જીવનનાં રહસ્યો ઉકેલવા સતત પુરુષાર્થ કરે અને લોકોના જ કલ્યાણ માટે આખુંયે જીવન આમ કૃષ્ણાર્પણ કોણ કરે?

મને નીતિશતકનું એક પદ યાદ આવે છે—**परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं निजहृदि विलसन्तः सन्ति सन्तः कियन्तः ॥** એટલે કે બીજાના પરમાણુ જેવડા નાના એવા પણ ગુણોને પણ પહાડ જેવા મોટા બતાવીને પોતાના દિલને ખીલવનારા એવા જગતમાં કેટલા સન્તો હશો? અર્થાત્ બહુ ઓછા આવા સંતો હોય છે.

ઈશ્વરદર્શનની લાગેલી તાલાવેલીમાં ભટકાતો આ મહામાનવ અનેક સન્તો, મહાત્માઓ અને જ્ઞાનીઓને મળે છે. તેમને પ્રશ્નો પૂછી જિજ્ઞાસાભાવથી ઘણું જાણે છે, તેમ છતાં આત્મશોધ સ્વયં તેમાં તલ્લીન બનીને કરે છે અને આધ્યાત્મિક સાગરમાંથી મહામૂલાં રત્નો શોધી કાઢે છે. તે રત્નો પાછાં જનતા—જનાર્દનનું શ્રેય થાય તેમ બધાંને વિતરિત કરે છે. આ જ મહાપુરુષોની વિશેષતા છે.

પૂ. યોગેશ્વરજીની આ આત્મકથા સંપૂર્ણ સાહિત્યિક છે. ગુજરાતી ગદ્યના તેઓ આચાર્ય હોય તેમ આત્મકથા લખે છે. સરસ, ભાવવાહી શૈલીમાં પોતાની યાત્રા વર્ણવે છે. ત્યારે પોતાના અનુભવોનો નિચોડ તેમાં ઠાલવી દે છે. કશું છૂપાવતા નથી તેમ છતાં શિષ્ટ અને સંયત શૈલીમાં બધું રજૂ કરે છે. આ તેમની વિશેષતા છે.

**नैसर्गिकीयं मति रस्य राजन् ।** એ શ્રીમદ્ ભાગવતમાં પ્રાપ્ત થતી ઉક્તિ અનુસાર તેમની વાણી નૈસર્ગિક રીતે અનુભવો વર્ણવે છે જેમ પ્રહ્લાદ બાળપણમાં જ ભગવદ્ભક્ત હતો. હિરણ્યકશિપુ શિક્ષકને કહે છે આને આવું કોણ શીખવે છે? ત્યારે ગુરુપુત્રો કહે ‘આ તો એની નૈસર્ગિક વૃત્તિ છે. એને કોઈએ આવું શીખવ્યું નથી.’



રામકૃષ્ણ પરમહંસ બંગાળમાં શ્રેષ્ઠ મહાપુરુષ થયા છે તેમનો જ અવતાર પૂ. યોગેશ્વરજી છે તેમ તેમના કર્તવ્યો પરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

લોકોને સત્યના પંથે લઈ જનારા, સત્ય, અહિંસા તથા વિશ્વશાન્તિના પૂજારી પૂ. મહાત્મા ગાંધીનો પણ પૂ. શ્રી પર ખૂબ પ્રભાવ પડ્યો છે. મહાત્મા ગાંધીજીની જેમ તેઓ પણ ઈશ્વર પર અડગ શ્રદ્ધા રાખીને, ઈશ્વરસ્વરૂપા પૂ. માતાજીનો અનન્યભાવે આશ્રય કરીને એકલે પંડે જ, કોઈ ભોમિયા વિના ડુંગરા ભમ્યા અને સત્યસ્વરૂપ પ્રભુની શોધમાં જઝૂમ્યા અને છેવટે ઈશ્વરને મેળવીને જ રહ્યા.

ગીતાનો નિષ્કામ કર્મયોગ કેવળ વાંચ્યો જ નહિ અપિ તુ તેમણે તેમના જીવનમાં ઉતાર્યો. લોકોને શુદ્ધ આચાર—વિચારોદ્વારા સન્માર્ગે આગળ વધવાની અપૂર્વ પ્રેરણા આપી અને આધ્યાત્મિક પંથે જવામાં પોતાનાથી બનતી સર્વ સહાય કરી.

તેઓ સંત છે પણ સાથે સાથે સાચા સમાજ સુધારક પણ છે. હિમાલયના તીર્થસ્થાનો, પર્વતમાળાએ, ગંગા અને બીજી નદીઓનું વર્ણન તો કરે છે પણ સાથે સાથે તેની ગંદકી, લોકોની ખોટી આદતો પણ બતાવવાનું ચૂકતા નથી. તીર્થમાં રહેલી ગંદકી, ભ્રષ્ટાચાર સડા વગેરે પણ બતાવે છે..

યાત્રાના સ્થળોએ ધનવાન વધુ પૈસા ખરચીને મૂર્તિના ચરણસ્પર્શ પણ ધરી લે અને નિર્ધન દુ:ખી થાય, દર્શનનો લાભ ન મળે તે પણ અયોગ્ય છે. એ વાત પણ તે સ્પષ્ટ કરે છે.

પૂ. સ્વામીજીને હિમાલયનું અનેરું આકર્ષણ છે ત્યાં પવિત્ર

નદીઓમાં સ્નાન, સંતો, મહાત્માઓનાં દર્શન પાપ, તાપ અને દૈન્યને દૂર કરીને જીવનને શાતા આપે છે એ વાત પણ તેઓ બતાવે છે.

પૂ. યોગેશ્વરજી સાચા સાધક છે, તેમ છતાં તેથી પણ વધુ તે એક આર્દ્રભક્ત પણ છે. ગીતા કહે છે **न मे भक्तः प्रणश्यति** એ પ્રમાણે તેઓ ખરા અર્થમાં અમર મહાપુરુષ થઈ ગયા છે.


વિચાર વિના કોઈ અન્ય સાધનથી જ્ઞાન થતું નથી. જે રીતે પદાર્થનું જ્ઞાન પ્રકાશ વિના થતું નથી.

—યોગેશ્વરજી

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**

**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨




**સ્વર્ગારોહણને આંગણે**

# સમૂહ યજ્ઞોપવીત યજ્ઞનો પ્રતિભાવ—૧

**અશ્વિન કાકા, વડોદરા**

'મારો સ્વજન બન્યો શામળિયો.'

પરમ પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરીએ ઉપરોક્ત પંક્તિ લગભગ બધાનાં જીવનમાં સાર્થક કરી છે. અને અમારા જીવનના અમારા પરિવાર અને સત્સંગી સ્વજનો સગાંની સાક્ષીમાં સાર્થક કરે છે.

પૂ. શ્રી માની કૃપાથી અમારા અને પૂ. શ્રી માના બાળક મહર્ષિનો યજ્ઞોપવીતનો પવિત્ર પર્વ પવિત્ર તીર્થ સ્વર્ગારોહણમાં રચાયો અને એ પવિત્ર મહોત્સવથી અમો ખૂબ જ ભાવવિભોર બની ગયાં.

પૂ. શ્રી મા કૃપાનો ભંડાર છે. હજાર હાથોએ એ કૃપા ભંડાર લૂંટાવ્યા કરે છે. આમાં પૂ. શ્રી માનો આભાર માની ના શકાય કે આભાર જેવો સામાન્ય શબ્દ તેને અભિવ્યક્ત ન કરી શકે.

પૂ. શ્રી માએ આ મહોત્સવ ઉજવવા ખૂબ પરિશ્રમ જ નહીં પણ રાતોની રાતો ઉજાગરા કરીને વિતાવી છે. પણ પૂ. શ્રી માએ જાગીને અમને આરામની ઊંઘ આપી છે. આ પ્રસંગ અમે ઘરે ઉજવવા જઈએ તો રૂા. ૭૫,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ જોઈએ. આટલા રૂપિયા પગારમાંથી બચાવવા માટે ચાર પાંચ વર્ષ નીકળી જાય અથવા દેવું કરવું પડે, અને તેનું વિષચક્ર આપણને પાયમાલ કરી નાંખે. તે ઉપરાંત કેટલાય મહિના-ઓથી તૈયારી કરવી પડે. સગાંઓને સાચવવા પડે. આ બધું કર્યા પછી સાચું ખોટું સાંભળવા તૈયાર રહેવું પડે. પૂ. શ્રી માની કૃપાથી આ બધામાંથી જ બચી જવાયું.

કોઇક જગ્યાએ વાંચવામાં આવ્યું હતું કે સંત પુરુષો આપણું નામ યાદ રાખે એ ખૂબ જ મહત્ત્વની ઘટના છે. પૂ. શ્રી મા પૂ. શ્રી પ્રભુના શ્રી મુખેથી અમારાં નામ બોલાય ત્યારે અમારું હૃદય ખૂબ જ ભાવવિભોર થઇ જાય. તો પૂ. શ્રી મા જ્યારે તેઓનો સ્પર્શ આપે ત્યારે જન્મજન્માતરમાં પાપોનો જાણે ક્ષય થયો છે તેવો ભાવ જાગે.

અમારું જીવન મેલી ચાદર જેવું છે તોય આપની કૃપા વરસ્યા કરે છે અને જન્મજન્માતરની મેલી ચાદરને આપ ધોયાં કરો છો.

પૂ. શ્રી મા અમારું જીવન આપને ગમે તેવું બનાવજો. આપની અનંત કૃપાના અમે ઋણી છીએ અને રહીશું. આપના ચરણારવિંદમાં જન્મોજન્મ રાખજો. અને જીવનમાં સતત સાધના ભક્તિ વિવેક સદાચાર આવે તે માટે હૃદયથી પ્રાર્થના.

## પ્રતિભાવ—૨

**યતિન કાકા, વડોદરા.**

માની પૂર્ણ કૃપાની એક જ આશા અંતર માંહ્ય,
એક જ કામના મનમાં મારા માતા જ્યારે રાખ.
પ્રેમ કરીને કરો પ્રેરણા આજે જગદંબા,
સર્વેશ્વરી માડી તમને વંદુ વારંવાર.

હે! મા ભગવતી આપના શ્રી હસ્તે અમારા પુત્ર ધવલના યજ્ઞોપવીત સંસ્કાર થયા તેનાથી વિશેષ અહોભાગ્ય અમારું કયું હોઇ શકે? અને એ પણ આપ જેવા સમર્થ સંતના આંગણે અને આપના શ્રી ચરણોમાં હે મા! અમે સંસારી જીવ આવું સદ્‌ભાગ્ય તો સ્વપ્નમાં વિચારી શકતા નથી, એ સ્વપ્ન આપની કૃપાથી સાચું થઇ ગયું. હે મા! આપનો અમે અંતઃકરણથી હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.



યજ્ઞોપવીતનો પ્રસંગ સંતાન માટેનો પવિત્ર પ્રસંગ છે અને સંસાર માટે આ પ્રસંગ દેખાડો કરવા માટેનો સમય પણ મા આપે. અમારા પ્રસંગને પૂનમના ચંદ્રમાની જેમ સોળે કળાએ ખીલાવી દીધો. આ પ્રસંગ ઉજવ્યાનો જે સંતોષ થયો છે તેવો ક્યારેય થયો નથી. આ પૂર્વના સર્વે પ્રસંગોમાં નાના મોટા વિખવાદ, ટીકાઓથી જ પ્રસંગનું સમાપન થાય. પણ આ પ્રસંગની વિશેષતા કંઇ ઓર જ હતી.

હે મા! આપની કૃપાથી અમે સંપૂર્ણપણે ભીંજાઇ ગયાં છીએ. આપની કૃપાની હેલી અમારા પર વરસી રહી છે. હે મા! ભગવતી આપનો આભાર માનવાની કોઇ લાયકાત રહી જ નથી પણ હે મા! આપ અમારા ઉપર એવી કૃપા વરસાવો જેથી અમે આપના પ્રિય બાળક બની શકીએ.

યોગ્ય જનો તો નિજશક્તિથી થઇ જશે ભવપાર,
અયોગ્ય કિન્તુ મુજ જેવાનો કેમ થશે ઉદ્ધાર?
મુજને તારો તો જ તમારો, થાશે જય જયકાર.
મા સર્વેશ્વરી દેવી તમને વંદુ વારંવાર.

## પ્રતિભાવ—૩

**ધર્મિષ્ઠા ઠાકર**

મારી દીકરી શૈવા સાથે બીજાં બે બાળકોનું મૂંડન હતું. શૈવાને પૂ. માના આશીર્વાદ મળ્યા. વિસર્ગને મામા નથી તો રાજુભાઇ જાનીને તમે વસર્ગના મામા બનાવ્યા માટે મા તમારો આભાર. ભેટોથી બાળકોને ખુશ કર્યા ને મટકીફોડમાં આપનું અભિનવ રૂપ જોયું. અમે યજમાન બનીને અવસર માણ્યો.

# બટુક આદિત્યનો પ્રતિભાવ

આદિત્ય

**જય કૃપાળુ મા.**

મા પ્રભુના વહાલા બાળક આદિત્યના પ્રણામ.

હે મા! તમે મારી જનોઇ દીધી તેથી મા તમને thank you. હે મા! તમે જે વાક્ય બોલ્યાં હતાં કે આદિત્ય તને તો હનુમાન ભગવાન યાદ આવ્યા હતા. એટલે આદિત્યએ jump લગાવ્યો હતો. તે વાત તદ્દન સાચી હતી, કારણ કે હનુમાન જેવો jump મારતા કે તરત જ રામ ભગવાનનાં ચરણ પાસે આવી જતા હતા. એવી રીતે જેવો મેં jump લગાવ્યો તેવો હું સીધો માના ચરણ પાસે આવી ગયો. અને હું પડ્યો ત્યાર બાદ મને ખૂબ જ આનંદ થયો, કારણ મને બહુ દુઃખ થતું'તું કે આજે તો માએ મને બહુ વહાલી ના કરી. એટલે હું પડ્યો તે પણ માની જ કૃપાથી કારણ કે જેવો હું પડ્યો તેવો જ માએ મને ખૂબ વ્હાલ કર્યું એ માટે, મા તમને thank you અને મા તમે મારી જનોઇ રાખી તે માટે પણ અને હું રોજ મમ્માને કહેતો હતો કે મને તો માની સાથે યાત્રા કરવા જ નથી મળી તે ઇચ્છા મા, તમે પૂરી કરી. તે માટે પણ મા તમને thank you. મા મને તમારો ખૂબ સમર્થ બાળક બનાવજો અને મા હું તમને ના ભૂલું અને તમે મને ના ભૂલો એવી કૃપા કરજો.

માની કૃપાથી એક પપ્પાને અનુભવ પણ થયો છે. અમે છે ને 4th floor પર રહીએ છીએ તો પછી જ્યારે જ્યારે પપ્પા દાદર ચડે ત્યારે એ પહેલાં એવું બોલતા હતા કે ઓ બાપા રે થાકી ગયો અને હવે સ્વર્ગારોહણથી આવિયા છે, ત્યારથી



પપ્પા હવે ૐ મા ૐ મા બોલવા માંડ્યા છે.

હું પ્રકાશના પંથેનું પારાયણ નિયમિત કરું છું, કારણ કે મા મને ભૂલે ના અને Clear બોલતા શીખવાડી દે. હે મા પવિત્ર બનાવજો. મારા હૃદયમાંથી ખસતા નહીં. મા મને તમારો ખૂબ જ વ્હાલો અને તમને ગમું એવો બનાવજો. તમારાં બધાં કાર્યોમાં હોંશિયાર બનાવજો. મા મને ગુજરાતી લખતાં આવડી ગયું છે, પણ હજુ થોડી mistake થાય છે તો લખવામાં mistake થઇ હોય તો sorry.

હે મા, હું નિયમિત પ્રણામ કરું છું.

હે મા, મને તમારી પાસે કાયમ માટે જલ્દી જલ્દી બોલાવજો અને ભણવામાં હોંશિયાર બનાવજો.

હે મા મમ્માના, પપ્પાના આપના ચરણોમાં પ્રણામ.

હે મા તમે મારી ચિંતા ના કરતાં કારણ કે મને કશું જ વાગ્યું જ નથી અને હું જેમ બને તેમ જલ્દી તમારાં દર્શન કરવા આવી જઇશ. તમે મારી રાહ જોતાં હશો. હું પૂ. માને યાદ કરું છું. તમારા વગર મને ગમતું નથી. તમારા ખૂબ જ વ્હાલા બાળક આદિત્યના પ્રણામ.

પૂજ્ય માના ચરણોમાં પ્રણામ, ખૂબ ખૂબ આભાર. આદિત્યની જનોઇનો પ્રસંગ કરાવ્યો તે પ્રસંગ સ્વપ્ન સમાન થઇ ગયો. અમને માનસિક, સામાજિક, આર્થિક જવાબદારી-માંથી ઉગારી લીધા. અમારા માટે કષ્ટ ઊઠાવ્યું તે માટે અમને સેવા આપજો. ભૂલચૂક ક્ષમા કરજો. પૂ. માના ચરણોમાં પ્રણામ.

**—દિવ્યકાંત ભટ્ટ**